dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year -09 | Issue- 109 | AD - 2026, Maha Sud - 07 | Sunday, Dt. 25-01-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### હાઇ-વોલ્ટેજ ડ્રામા પછી બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડને આખરે મોટો ફટકો

# ટી-૨૦ વર્લ્ડ કપમાંથી બાંગ્લાદેશ આઉટ, સ્કોટલેન્ડ ઈન

નવીદિલ્હી,તા.૨૪

આઈસીસીએ બાંગ્લાદેશને ટી-૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માંથી બાકાત રાખીને અરીસો બતાવ્યો છે. શનિવારે, આઈસીસીએ બાંગ્લાદેશને બાકાત રાખવાના નિર્ણયની જાહેરાત કરતો એક સત્તાવાર પત્ર જારી કર્યો. ૪ જાન્યુઆરીથી ચાલી રહેલા હાઈ-વોલ્ટેજ ડ્રામા પછી, બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડને આખરે મોટો ફટકો પડ્યો છે. આનાથી બોર્ડ અને તેના ખેલાડીઓ બંનેને નોંધપાત્ર નાણાકીય નુકસાન થઈ શકે છે. સુત્રો અનુસાર, આઈસીસીએ બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડને સત્તાવાર રીતે જાણ કરી છે કે તેમને ટી-૨૦ વર્લ્ડ કપમાંથી બાકાત રાખવામાં આવ્યા છે અને તેમની જગ્યાએ સ્કોટલેન્ડની ટીમને સામેલ કરવામાં આવી છે.

સુરક્ષા ચિંતાઓને કારણે બાંગ્લાદેશે ટી-૨૦ વર્લ્ડ કપ માટે ભારતનો પ્રવાસ કરવાનો ઈનકાર કર્યો હતો. મુસ્તફિઝુર રહેમાનને આઈપીએલ ૨૦૨૬માંથી બાકાત રાખવામાં આવ્યા બાદ આ સમગ્ર મુદ્દો ઉભો થયો હતો.

સુત્રો અનુસાર, પ્રમુખ જય શાહ સહિત આઈસીસીના ઘણા વરિષ્ઠ અધિકારીઓ શુક્રવારે દુબઈમાં હતા અને મોડી સાંજે, બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડના પ્રમુખ અમીનુલ ઈસ્લામ બુલબુલને એક ઈમેલ મોકલવામાં આવ્યો હતો, જેમાં તેમને વૈશ્વિક સંસ્થાના નિર્ણયની જાણ કરવામાં આવી હતી. આઈસીસીના એક સૂત્રએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે, "ગઈકાલે સાંજે, બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડના અધ્યક્ષને એક ઈમેઈલ મોકલવામાં આવ્યો હતો, જેમાં તેમને જાણ કરવામાં આવી હતી કે બોર્ડે આઈસીસીને ભારત આવવાનો નિર્ણય લેવા માટે આપવામાં આવેલી ૨૪ કલાકની સમયમર્યાદા પર સત્તાવાર રીતે જવાબ આપ્યો નથી. તેથી, નિર્ણય લેવામાં આવ્યો છે." સૂત્રએ વધુમાં જણાવ્યું હતું કે, "બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે વૈશ્વિક સંસ્થાને સત્તાવાર રીતે જાણ કરતા પહેલા ઢાકામાં એક પ્રેસ કોન્ફરન્સ યોજી હતી, જે પ્રોટોકોલનું ઉલ્લંઘન છે. તેમને સ્પષ્ટપણે જાણ કરવામાં આવી હતી કે તેમની બદલી કરવામાં આવી રહી છે.



બાંગ્લાદેશના રમતગમત મંત્રાલયના સલાહકાર આસિફ નઝરુલે અગાઉ જણાવ્યું હતું કે તેઓ સુરક્ષાના કારણોસર ભારતનો પ્રવાસ કરશે નહીં, જોકે આઈસીસી તરફથી સુરક્ષા અંગે વારંવાર ખાતરી આપવામાં આવી હતી. દરમિયાન, ક્રિકેટ સ્કોટલેન્ડે જણાવ્યું છે કે તેમને હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ મળી નથી, પરંતુ એવું માનવામાં આવે છે કે તે ફક્ત સમયની વાત છે અને તેમને ટૂંક સમયમાં જાણ કરવામાં આવશે.

વર્તમાન સમયપત્રક મુજબ, બાંગ્લાદેશ કોલકાતા અને મુંબઈમાં તેની લીગ મેચ રમવાનું હતું. સ્કોટલેન્ડને હવે ગ્રુપ સીમાં સામેલ કરવામાં આવ્યું છે અને તે શેડ્યૂલ મુજબ નિર્ધારિત મેચ રમશે. આ પહેલી વાર નથી જ્યારે બીજી ટીમ પસંદ કરવામાં આવી હોય. ૨૦૦૯ માં, જ્યારે ઝિમ્બાબ્વેએ ઈંગ્લેન્ડમાં યોજાયેલા ટી-૨૦ વર્લ્ડ કપમાંથી ખસી ગયું, ત્યારે સ્કોટલેન્ડનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

હવે, બાંગ્લાદેશ મક્કમ રહ્યું છે અને ભારતમાં ટી-૨૦ વર્લ્ડ કપ રમવાનો ઈનકાર કર્યો છે, તેથી રેન્કિંગના આધારે સ્કોટલેન્ડને તેના સ્થાને સમાવવામાં આવ્યું છે.

# આવનારા બજેટમાં ૮૦સી અને હોમ લોન પર મોટી રાહત મળે તેવી સંભાવના

નવીદિલ્હી,તા.૨૪



જૂના કર શાસનમાં રહેનારા કરદાતાઓએ દરેક બજેટ સત્રમાં ફરિયાદ કરી છે કે મોટાભાગની લોકપ્રિય કપાત યથાવત રહે છે. કલમ ૮૦C, ૮૦D અને હોમ લોન વ્યાજ લાભો જેવા વિભાગો હજુ પણ એક દાયકા પહેલા નિર્ધારિત મર્યાદાઓ સાથે લાગુ પડે છે, જ્યારે આવક, તબીબી ખર્ચ અને ઘરની કિંમતોમાં તીવ્ર વધારો થયો છે. બજેટ ૨૦૨૬ નજીક આવતાં, સરકારે આખરે આ કપાત પર પુનર્વિચાર કરવો જોઈએ કે કરદાતાઓને નવી કર વ્યવસ્થામાં જવા કહેવું જોઈએ, જ્યાં આવી મુક્તિઓ દૂર કરવામાં આવી છે તે અંગે ચર્ચા ફરી શરૂ થઈ છે.

જૂની કર વ્યવસ્થા, અથવા ઓટીઆર બચત સંબંધિત પ્રોત્સાહનો પર આધારિત હતી. કલમ ૮૦C હેઠળની કપાત લાંબા ગાળાના રોકાણોને પ્રોત્સાહન આપતી હતી, જ્યારે કલમ ૮૦ ડી આરોગ્ય વીમા કવરેજને પ્રોત્સાહન આપતી હતી. હોમ લોન લાભો હાઉસિંગ માલિકીને ટેકો આપતા હતા. જો કે, આમાંની મોટાભાગની મર્યાદાઓ છેલ્લે ૨૦૧૪ અને ૨૦૧૫ ની વચ્ચે સુધારવામાં આવી હતી.

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ડૉ. સુરેશ સુરાનાએ એફઈ રિપોર્ટમાં નિર્દેશ કર્યો છે તેમ, આવકવેરા કાયદા, ૧૯૬૧ હેઠળ મુખ્ય વ્યક્તિગત કર કપાત, ખાસ કરીને કલમ ૮૦C, કલમ ૮૦D, અને કલમ ૨૪ અને ૮૦ હેઠળ ગૃહ લોન લાભો, વધતી આવક, ફુગાવાના દબાણ અને જીવનનિર્વાહના ઊંચા ખર્ચ છતાં ઘણા વર્ષોથી વર્ચ્યુઅલ રીતે યથાવત રહ્યા છે. આનાથી અસરકારક કર-બચત ઘટકો તરીકે તેમનું વાસ્તવિક મૂલ્ય ઘટી ગયું છે.

કલમ ૮૦સી સૌથી વધુ ઉપયોગમાં લેવાતી કપાત છે, જે પીએફ યોગદાન, એલઆઈસી અને ઈએલએસએસ રોકાણો, ટ્યુશન ફી અને હોમ લોનની મુદ્દલ ચુકવણીને આવરી લે છે.

# પ્રજાસત્તાક દિવસ પહેલા દિલ્હીમાં નકલી રાજદ્વારી લાઈસન્સ પ્લેટનો ઉપયોગ કરનાર મહિલાની અટકાયત

નવીદિલ્હી,તા.૨૪





દિલ્હી પોલીસે પ્રજાસત્તાક દિવસ પહેલા નકલી નંબર પ્લેટવાળી કાર ચલાવતી એક મહિલાની ધરપકડ કરી છે. ૧૫ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ, ક્રાઈમ બ્રાન્ચના એન્ટી-એક્સટોર્શન અને અપહરણ સેલને બાતમી મળી હતી કે એક મહિલા વારંવાર વિદેશી દૂતાવાસની લાઈસન્સ પ્લેટવાળી કારમાં દૂતાવાસ વિસ્તારમાં ફરતી રહે છે. માહિતીને ગંભીરતાથી લેતા, એક ખાસ ટીમ બનાવવામાં આવી હતી અને વસંત વિહાર વિસ્તારમાં દેખરેખ શરૂ કરવામાં આવી હતી. બપોરે ૩:૧૦ વાગ્યાની આસપાસ, વસંત વિહારના બી-૫ માં એક શંકાસ્પદ ઈનોવા કાર પાર્ક કરેલી મળી આવી હતી. થોડા સમય પછી, આશરે ૪૫ વર્ષની એક મહિલા કાર પાસે પહોંચી અને જ્યારે તે તેને શરૂ કરવા જતી હતી, ત્યારે પોલીસે તેને પકડી લીધી. વાહનના દસ્તાવેજો માંગવામાં આવ્યા ત્યારે તે કોઈ રજૂ કરી શકી નહીં. શરૂઆતમાં, મહિલાએ વિદેશી દૂતાવાસની પ્રતિનિધિ હોવાનો દાવો કર્યો હતો, પરંતુ નજીકની પૂછપરછમાં, તેણીએ નકલી રાજદ્વારી લાઈસન્સ પ્લેટનો ઉપયોગ કર્યાની કબૂલાત કરી હતી. તેણીએ જણાવ્યું હતું કે તેણીએ નવેમ્બર ૨૦૨૪ માં વિદેશી દૂતાવાસ પાસેથી કાર ખરીદી હતી પરંતુ તેને પોતાના નામે નોંધાવી નહોતી. દૂતાવાસે આ મામલે ચાણક્યપુરી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ પણ નોંધાવી હતી. પોલીસથી બચવા અને દૂતાવાસ વિસ્તારોમાં મુક્તપણે ફરવા માટે, તેણીએ દૂતાવાસ જેવી જ નકલી નંબર પ્લેટ બનાવી હતી.

# પ્રધાનમંત્રી મોદીના હસ્તે ૬૧,૦૦૦ યુવાનોને નિમણૂક પત્રોનું વિતરણ

નવીદિલ્હી,તા.૨૪



પીએમ મોદીએ ૬૧,૦૦૦ થી વધુ નવનિયુક્ત યુવાનોને નિમણૂક પત્રોનું વિતરણ કર્યું. આ કાર્યક્રમ ૧૮મા રોજગાર મેળાના પ્રસંગે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા યોજાયો હતો. આ પ્રસંગે પીએમ મોદીએ કહ્યું કે વર્ષ ૨૦૨૬ ની શરૂઆત તમારા જીવનમાં નવી ખુશીઓની શરૂઆત છે. વસંત હમણાં જ સમાપ્ત થઈ છે, તે તમારા જીવનમાં એક નવી વસંતની શરૂઆત પણ દર્શાવે છે. આ સમય તમને બંધારણ પ્રત્યેની તમારી ફરજો સાથે પણ જોડે છે. યોગાનુયોગ, હાલમાં દેશમાં પ્રજાસત્તાક દિવસ ચાલી રહ્યો છે. ૨૩ જાન્યુઆરીએ, આપણે નેતાજી સુભાષ ચંદ્ર બોઝની જન્મ જયંતિ પર પરાક્રમ દિવસ ઉજવ્યો. ૨૫ જાન્યુઆરી, રાષ્ટ્રીય મતદાતા દિવસ છે. પછી, ૨૬ જાન્યુઆરી, પ્રજાસત્તાક દિવસ છે. પીએમ મોદીએ કહ્યું કે આજનો દિવસ પણ એક ખાસ દિવસ છે. આ દિવસે આપણા બંધારણે જન ગણ મનને રાષ્ટ્રગીત તરીકે અને વંદે માતરમને રાષ્ટ્રીય ગીત તરીકે અપનાવ્યું હતું. આજે, દેશભરમાં ૬૧,૦૦૦ થી વધુ યુવાનો એક નવી સફર પર નીકળી રહ્યા છે. આજે, તમે બધા સરકારી સેવાઓ માટે નિમણૂક પત્રો મેળવી રહ્યા છો. આ એક રીતે, રાષ્ટ્રનિર્માણ માટે આમંત્રણ છે. તે વિકસિત ભારતના નિર્માણને વેગ આપવાનો સંકલ્પ છે. તમારામાંથી ઘણા લોકો દેશની સુરક્ષાને મજબૂત બનાવશે. આપણે આપણી શિક્ષણ અને આરોગ્યસંભાળ પ્રણાલીઓને વધુ મજબૂત બનાવીશું. હું આપ સૌ યુવાનોને હૃદયપૂર્વક અભિનંદન અને શુભકામનાઓ પાઠવું છું. પીએમ મોદીએ કહ્યું કે ભારત આજે વિશ્વના સૌથી યુવા દેશોમાંનો એક છે. અમારો પ્રયાસ દેશ અને વિશ્વભરના યુવાનો માટે નવી તકો ઊભી કરવાનો છે. ભારત સરકાર ઘણા દેશો સાથે વેપાર કરાર કરી રહી છે. આ યુવાનો માટે નવી તકો લાવી રહ્યું છે. ભારતે આધુનિક માળખાગત સુવિધાઓમાં રોકાણ કર્યું છે. આજે, દેશમાં ૨૦૦,૦૦૦ થી વધુ નોંધાયેલા સ્ટાર્ટઅપ્સ છે, જે લાખો યુવાનોને રોજગારી આપે છે. ભારતનું અર્થતંત્ર ઝડપથી વિકસી રહ્યું છે. ભારતમાં વધતો વૈશ્વિક વિશ્વાસ પણ યુવાનો માટે ઘણી નવી શક્યતાઓ ઊભી કરી રહ્યો છે. ભારત એક દાયકામાં તેનો જીડીપી બમણો કરનાર વિશ્વનું એકમાત્ર મુખ્ય અર્થતંત્ર છે.

# ઉત્તરાખંડમાં હિમવર્ષાને પગલે અનેક મુખ્ય માર્ગો બંધ, ઉત્તરકાશીમાં ફસાયેલા વાહનોને બહાર કઢાયા

દહેરાદુન,તા.૨૪

ઉત્તરાખંડમાં શુક્રવારે વરસાદ અને હિમવર્ષાને કારણે રાજ્યના ૨૦ મુખ્ય અને નાના રસ્તા બંધ થઈ ગયા.

આમાં બે રાષ્ટ્રીય ધોરીમાર્ગ, છ રાજ્ય ધોરીમાર્ગ, એક મુખ્ય જિલ્લા માર્ગ અને બીજો જિલ્લા માર્ગ, તેમજ ૧૦ અન્ય રસ્તાઓનો સમાવેશ થાય છે. આ માર્ગો ફરીથી ખોલવાના પ્રયાસો ચાલી રહ્યા છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર તરફથી મળેલી માહિતી અનુસાર, દેહરાદૂન જિલ્લામાં સૌથી વધુ રસ્તા બંધ છે.

આમાં બે રાજ્ય ધોરીમાર્ગ, એક મુખ્ય જિલ્લા માર્ગ અને એક અન્ય જિલ્લા માર્ગ અને ચાર ગ્રામીણ રસ્તાઓનો સમાવેશ થાય છે. ઉત્તરકાશી જિલ્લામાં, સાત રસ્તા બંધ છે, જેમાં બે રાષ્ટ્રીય ધોરીમાર્ગ, બે રાજ્ય ધોરીમાર્ગ અને ત્રણ ગ્રામીણ રસ્તાઓનો સમાવેશ થાય છે. આમાં રેડિટોપથી ઔરછાબંધ સુધીનો ઋષિકેશ-યમુનોત્રી રાષ્ટ્રીય ધોરીમાર્ગ નંબર ૧૩૪ અને ગંગનાનીથી આગળનો ઋષિકેશ-ગંગોત્રી રાષ્ટ્રીય ધોરીમાર્ગ નંબર ૩૪નો સમાવેશ થાય છે. હાલમાં, ઉત્તરકાશીમાં ફસાયેલા વાહનોને બહાર કઢાયા હતા.

ચમોલી જિલ્લામાં, જોશીમઠ-ઔલી અને પૌરીમાં એક રાજ્ય ધોરીમાર્ગ બરફવર્ષાને કારણે વાહનવ્યવહાર માટે બંધ છે. પિથોરાગઢ જિલ્લામાં ત્રણ રસ્તા બંધ છે.




# પં.બંગાળમાં એસઆઈઆરની ચિંતામાં દરરોજ ૩-૪ લોકો આપઘાત કરે છે : મમતા

કોલકાત્તા,તા.૨૪



પશ્ચિમ બંગાળના સીએમ મમતા બેનર્જીએ શુક્રવારે કહ્યું કે બંગાળમાં SIRની ચિંતામાં દરરોજ ૩ થી ૪ લોકો આત્મહત્યા કરી રહ્યા છે. અત્યાર સુધીમાં ૧૧૦થી વધુ લોકો મૃત્યુ પામ્યા છે. આ માટે ચૂંટણી પંચ અને કેન્દ્ર સરકાર જવાબદાર છે. ૪૦-૪૫ લોકો હોસ્પિટલોમાં જીવન અને મૃત્યુ વચ્ચે ઝઝૂમી રહ્યા છે. આટલા વર્ષો પછી શું આપણે એ સાબિત કરવું પડશે કે આપણે આ દેશના નાગરિક છીએ? મમતા બેનર્જીએ કોલકાતાના રેડ રોડ પર નેતાજી સુભાષચંદ્ર બોઝ જયંતિના કાર્યક્રમમાં આ વાતો કહી. મમતા બેનર્જીએ જણાવ્યું કે ડિસેમ્બરમાં જાહેર થયેલી ડ્રાફ્ટ મતદાર યાદીમાંથી ૫૮ લાખથી વધુ મતદારોના નામ હટાવી દેવામાં આવ્યા છે.



# અમરેલી માર્કેટયાર્ડમાં સિઝનના નવા ચણાનું આગમન : પ્રથમ દિવસે જ ખેડૂતોને મળ્યા સારા ભાવ

**ચણાનો પ્રતિ મણનો ભાવ રૂા. ૧૧૬૦/- નોંધાયો**

અમરેલી, તા.૨૪

અમરેલીના સાવરકુંડલા રોડ પર સ્થિત શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ (APMC) ખાતે સિઝનના નવા ચણાની આવકનો વિધિવત પ્રારંભ થયો છે. માર્કેટયાર્ડમાં નવા પાકના શ્રીગણેશ થતા ખેડૂતો અને વેપારીઓમાં આનંદનો માહોલ જોવા મળ્યો હતો. કેરાળા ગામના ખેડૂત રસીકભાઈ સિઝનના નવા ચણા લઈને માર્કેટયાર્ડમાં આવ્યા હતા. આ ચણાનો જથ્થો અંદાજીત ૪૦ મણ (મુદા) જેટલો હતો. કમિશન એજન્ટ શ્રી સાગર ટ્રેડિંગ દ્વારા આ માલની દલાલી કરવામાં આવી હતી, જ્યારે વેપારી પેઢી શ્રી અક્ષય ટ્રેડિંગ દ્વારા આ નવા ચણાની ખરીદી કરવામાં આવી હતી. મુહૂર્તની આ હરાજીમાં નવા ચણાનો પ્રતિ મણનો ભાવ રૂા. ૧૧૬૦/- નોંધાયો હતો. માર્કેટયાર્ડના સેક્રેટરી તુષારભાઈ હપાણીએ અખબારી યાદીમાં જણાવ્યું હતું કે, અમરેલી યાર્ડમાં નવા ચણાની આવક શરૂ થઈ ગઈ છે અને ખેડૂતોને તેમના પાકના સારા અને પોષણક્ષમ ભાવો મળી રહ્યા છે. આગામી દિવસોમાં આવકમાં હજુ વધારો થવાની આશા છે.

# રાજુલા પોલીસે મોટરસાયકલ ચોરીનો ભેદ ઉકેલ્યો, બર્બટાણાનો તસ્કર ઝડપાયો

અમરેલી,તા.૨૪



રાજુલા પોલીસે મોટરસાઈકલ ચોરીનો ભેદ ઉકેલી એક આરોપીને ઝડપી પાડ્યો છે. પોલીસે ચોરાયેલું બાઈક પણ કબજે કર્યું છે. આ કાર્યવાહી ભાવનગર રેન્જ આઈ.જી. અને અમરેલી પોલીસ અધિક્ષકના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી. ગત તારીખ ૨૦/૦૧/૨૦૨૬ ના રોજ રાજુલા ટાઉનમાંથી એક હીરો હોન્ડા ચોરાઈ ગયું હતું. આ બાઈકની કિંમત આશરે ૧૫૦૦૦/- રૂપિયા હતી. અજાણ્યો ચોર ઈસમ આ બાઈક ચોરી કરીને ફરાર થઈ ગયો હતો. રાજુલા પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમે ટેકનિકલ, ઈ-પોકેટ કોપ અને હ્યુમન સોર્સના આધારે તપાસ હાથ ધરી હતી. પેટ્રોલિંગ દરમિયાન ટીમે ચોરાયેલા મોટરસાઈકલ સાથે એક ઈસમને પકડી પાડ્યો હતો. પોલીસે ચોરાયેલું બાઈક પણ શોધી કાઢી આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી છે.

# દામનગરના ગાયત્રી મંદિર ખાતે બુધવારના રોજ વિનામૂલ્યે નેત્રનિદાન કેમ્પ યોજાશે

દામનગર,તા.૨૪

દામનગરમાં આવેલ ગાયત્રી મંદિર ખાતે આગામી તા. ૨૮-૧-૨૦૨૬ ને બુધવારના રોજ સવારે ૯:૩૦ થી ૧૨:૩૦ વાગ્યા સુધી વિનામૂલ્યે નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ સિનિયર સિટીઝન ટ્રસ્ટ દામનગર, શ્રી ગાયત્રી મંદિર દામનગર અને ભુરખીયા હનુમાનજી મંદિરના સંયુક્ત ઉપક્રમે યોજાશે. આ કેમ્પમાં આંખના રોગોનું નિદાન કરવામાં આવશે અને જરૂરિયાતવાળા મોતિયાના દર્દીઓને રાજકોટ સ્થિત શ્રી રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ ખાતે લઈ જઈને વિનામૂલ્યે ઓપરેશન કરી આપવામાં આવશે. અહીં આધુનિક મશીન દ્વારા ટાંકા વગર નેત્રમણી બેસાડવાની સુવિધા પૂરી પાડવામાં આવશે. આ આયોજનમાં રાજકોટની હોસ્પિટલના ડોક્ટરોની ટીમ અને સ્થાનિક સ્વયંસેવકો સેવા આપશે.

# સાવરકુંડલાના સ્વામિનારાયણ ગુરુકુળમાં 'વસંત પંચમી' અને 'શિક્ષાપત્રી જયંતી'ની ઉજવણી

અમરેલી, તા.૨૪



સાવરકુંડલાના શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે વસંતપંચમીના પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે જ્ઞાનની દેવી માઁ સરસ્વતીનું પૂજન, શિક્ષાપત્રી જયંતી અને રાષ્ટ્રભક્ત નેતાજી સુભાષચંદ્ર બોઝની જન્મ જયંતી નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. કાર્યક્રમની શરૂઆતમાં ગુરુકુળના નાના ભૂલકાઓ દ્વારા વિદ્યાની દેવી માઁ સરસ્વતીની આરાધના કરવામાં આવી હતી. સંસ્થાના કોઠારી અક્ષર મુક્તદાસજી સ્વામીએ શાસ્ત્રોક્ત વિધિથી માઁ સરસ્વતી અને પવિત્ર 'શિક્ષાપત્રી'નું પૂજન-અર્ચન કરી શ્રીફળ વધેરી સૌના મંગલ ભવિષ્યની પ્રાર્થના કરી હતી. આ પ્રસંગે દેશના મહાન ક્રાંતિકારી નેતાજી સુભાષચંદ્ર બોઝની જન્મ જયંતી નિમિત્તે તેમને યાદ કરવામાં આવ્યા હતા.

# સાવરકુંડલાના દોલતી ગામે દેશી દારૂની ચાલુ ભઠ્ઠી પર પોલીસનો દરોડા

સાવરકુંડલા, તા.૨૪

અમરેલી જિલ્લામાં દારૂબંધીના કડક અમલ વચ્ચે સાવરકુંડલાના દોલતી ગામેથી દેશી દારૂ બનાવવાની ચાલુ ભઠ્ઠી ઝડપાતા ચકચાર મચી હતી. પોલીસે બાતમીના આધારે દરોડો પાડી દારૂ બનાવવાના સાધનો અને આથો સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. મળતી માહિતી મુજબ, સાવરકુંડલા તાલુકાના દોલતી ગામે એક શખ્સ ગેરકાયદેસર રીતે પાસ-પરમિટ વગર દેશી દારૂ ગાળવાની પ્રવૃત્તિ કરી રહ્યો હોવાની બાતમી પોલીસને મળી હતી. જેના આધારે પોલીસે સ્થળ પર દરોડો પાડતા ગોરડકા ગામનો મધુભાઈ ઉર્ફે ભગત બચુભાઈ ચાંદુ દારૂ બનાવવાની ચાલુ ભઠ્ઠી સાથે રંગેહાથ ઝડપાઈ ગયો હતો. પોલીસે સ્થળ પરથી ૩ લીટર દેશી દારૂ, ૫ લીટર ગરમ આથો, ૮૦ લીટર દેશી દારૂ બનાવવાનો કાચો આથો, ભઠ્ઠીના સાધનો જપ્ત કરી કાર્યવાહી કરી હતી.

# અમરેલી અમર ડેરી ખાતે ૨૬ જાન્યુઆરીએ ધ્વજવંદન કાર્યક્રમ

અમરેલી,તા.૨૪



**તમામ કર્મચારીઓ, ડિરેક્ટરો તેમજ જાહેર જનતાને ઉપસ્થિત રહેવા અનુરોધ**

આગામી ૨૬ જાન્યુઆરી, પ્રજાસત્તાક પર્વ નિમિત્તે અમરેલીની સહકારી સંસ્થા અમર ડેરી ખાતે ભવ્ય ધ્વજવંદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સંસ્થાના ચેરમેન અને અગ્રણીઓની ઉપસ્થિતિમાં સવારે ૯ કલાકે રાષ્ટ્રધ્વજને સલામી આપવામાં આવશે. આ પ્રસંગે ડેરીના કર્મચારીઓ અને પશુપાલકોને મોટી સંખ્યામાં હાજર રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે. અમર ડેરી ખાતે યોજાનાર ગણતંત્ર દિનની ઉજવણીમાં અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા ખાસ ઉપસ્થિત રહેશે. ગણતંત્ર દિનની ઉજવણી માટે અમર ડેરી ખાતે તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

# સાવરકુંડલા અને રાજુલાના ખેરા ગામે પરિણીતાને કરિયાવર મુદ્દે ત્રાસ

અમરેલી, તા. ૨૪

અમરેલી જિલ્લામાં બે પરિણીતાને કરિયાવર મુદ્દે સાસરિયાની કનડગત કરવામાં આવી હતી. હાલ ચાંચબંદર ખાતે રહેતી મમતાબેન વિષ્ણુભાઈ ગુજરીયાએ રાજુલાના ખેરા ગામે રહેતા પતિ વિષ્ણુભાઈ ભુરાભાઈ ગુજરીયા, જીલાબેન ભુરાભાઈ ગુજરીયા, મહેશભાઈ ભુરાભાઈ ગુજરીયા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેના પતિએ ગાળો આપી અને સાસુએ કરિયાવર બાબતે મેણાટોણા મારી તથા પતિ, સાસુ તથા દિયરે તેમને ઢીકાપાટુ વડે માર માર્યો હતો. બીજા બનાવમાં હાલ ધારીના કણેર ગામે રહેતા કાજલબેન પ્રકાશભાઈ વાઘએ સાવરકુંડલામાં રહેતા પતિ પ્રકાશભાઈ વજુભાઈ વાઘ, કુસુમબેન વજુભાઈ વાઘ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેના પતિ તથા નણંદ અવાર-નવાર શારીરિક માનસિક દુઃખ-ત્રાસ આપતા હતા.

# લાઠીમાં કતલના ઈરાદે લઈ જવાતી ૮ ભેંસોને મુક્ત કરાવાઈ

લાઠી, તા.૨૪

અમરેલી જિલ્લાના લાઠી વિસ્તારમાં ગેરકાયદેસર રીતે પશુઓની હેરાફેરી કરતું એક નેટવર્ક ઝડપાયું હતું. કતલખાને લઈ જવાના ઈરાદે અત્યંત ક્રૂરતાપૂર્વક બાંધીને રાખવામાં આવેલા પશુઓને પોલીસે બચાવી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. લાઠીમાં પોલીસે શંકાસ્પદ હાલતમાં પસાર થઈ રહેલ એક ટ્રક (રજિસ્ટ્રેશન નંબરઃ GJ-૧૪-X-૧૬૧૭) ને અટકાવ્યો હતો. ટ્રકની તલાશી લેતા અંદરથી ૮ ભેંસ મળી આવી હતી. આરોપીઓ આ પશુઓને ગેરકાયદેસર રીતે કતલ કરવાના ઈરાદે લઈ જઈ રહ્યા હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

ટ્રકમાં પશુઓને અત્યંત નિર્દયતાપૂર્વક રાખવામાં આવ્યા હતા. પશુઓને ટૂંકી દોરીથી ખીચોખીચ બાંધવામાં આવ્યા હતા, જેથી તેઓ હલનચલન પણ કરી શકતા નહોતા. પશુ સંરક્ષણ ધારાના નિયમોનું ઉલ્લંઘન કરી, જીવદયા વગર આ પશુઓને ગોંધી રાખવામાં આવ્યા હોવાનું પોલીસે નોંધ્યું હતું. પોલીસે ટ્રક, ૮ ભેંસ મળી કુલ ૭ લાખનો મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી કરી હતી.

# રાજુલાના મુખ્ય સ્વામિનારાયણ મંદિર ખાતે શિક્ષાપત્રી શતાબ્દી મહોત્સવ અંતર્ગત ધાર્મિક કાર્યક્રમો યોજાયા

રાજુલા, તા.૨૪



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા શહેરમાં મુખ્ય શ્રી સ્વામિનારાયણ મંદિર ભક્તિનગર (ભેરાઈ રોડ), ખાતે આજે વિવિધ કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. શ્રીમદ્ શિક્ષાપત્રી શતાબ્દી મહોત્સવ અંતર્ગત યોજાયેલા આ વિશેષ કાર્યક્રમોમાં રાજોપચાર પૂજન, ૫૧ કિલો ચોકલેટ અભિષેક તથા જનમંગલના પાઠ સહિત અનેક ધાર્મિક વિધિઓ સંપન્ન કરવામાં આવી હતી. ૨૩-૦૧-૨૦૨૬ના રોજ શ્રીમદ શિક્ષાપત્રીના ૨૦૦ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે મંદિર પરિસરમાં વિશેષ પૂજન-અર્ચન અને અભિષેક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શિક્ષાપત્રીની કથા, પૂજન તથા વિશેષ અભિષેક વિધિ દ્વારા શિક્ષાપત્રીના મહાત્મ્યને શ્રદ્ધાપૂર્વક યાદ કરવામાં આવ્યું હતું. મુખ્ય મંદિર ખાતે સવારથી જ ભક્તોએ ઉમટી આવી પૂજન, અર્ચન અને દર્શનનો લાભ લીધો હતો. વિશેષરૂપે ૫૧ કિલો ચોકલેટથી અભિષેક કરવામાં આવ્યો હતો.

# ચલાલાના તમામ સમાજના સ્મશાન અને કબ્રસ્તાનના નવીનીકરણ માટે ગ્રાન્ટ ફાળવવા માંગ

**પૂર્વ ઉપપ્રમુખ અનિરુદ્ધભાઈ વાળાની રજૂઆત**

ચલાલા, તા.૨૪



ચલાલા નગરપાલિકામાં છેલ્લી ચાર ટર્મથી ચૂંટાઈ આવતા સદસ્ય અને પાલિકાના પૂર્વ ઉપપ્રમુખ તેમજ ચરખા ચાંપરાજ વાળાના વંશજ અનિરુદ્ધભાઈ દિલુભાઈ વાળા (લાલભાઈ) દ્વારા શહેરના તમામ સમાજના અંતિમ વિસામો સમાન સ્મશાન ગૃહ અને કબ્રસ્તાનના નવીનીકરણ માટે ગ્રાન્ટ ફાળવવા રજૂઆત કરવામાં આવી છે. અનિરુદ્ધભાઈ વાળાએ ચલાલા નગરપાલિકાના પ્રમુખ, ઉપપ્રમુખ અને કારોબારી ચેરમેનને પત્ર લખીને જણાવ્યું છે કે, ચલાલામાં તમામ સમાજના અલગ અલગ સ્મશાનો અને કબ્રસ્તાનો આવેલા છે. આ તમામ જગ્યાએ મૂળભૂત પાયાની સુવિધાઓ ઉભી થાય, વિકાસ થાય અને સાફ-સફાઈ જળવાય તે માટે અમુક ચોક્કસ ગ્રાન્ટની રકમ ફાળવવી જરૂરી છે. આ હેતુસર આવનારા જનરલ બોર્ડમાં ખાસ જોગવાઈ કરવામાં આવે તેવી વિનમ્ર રજૂઆત કરવામાં આવી છે.

# અમરેલીમાં વૃદ્ધા અને તેના પરિવારને બિભત્સ ગાળો આપી ધમકી અપાતા ચકચાર

અમરેલી, તા.૨૪

અમરેલી શહેરમાં નજીવી બાબતે વયોવૃદ્ધ મહિલા અને તેમના પરિવારને નિશાન બનાવી ગાળાગાળી તેમજ ધમકી આપવાની ઘટના સામે આવી હતી. આ મામલે પોલીસે એકબીજાની મદદગારી કરનારા શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. શિતલબેન હરેશભાઈ ભટ્ટ (ઉ.વ.૫૫) એ જયશ્રીબેન પ્રદિપભાઈ ભારદ્વાજ (ઉ.વ.૫૫), પાયલબેન રાજનભાઈ ભારદ્વાજ તથા ભૂમિબેન હિતેનભાઈ સોલંકી સામે ફરિયાદ નોંધાવી હતી. આરોપીઓએ અગાઉથી નક્કી કર્યા મુજબ એકસંપ થઈને ફરિયાદીના ઘરે જઈને અથવા રસ્તામાં આંતરીને બોલાચાલી કરી હતી. આ દરમિયાન આરોપીઓએ ફરિયાદીના વયોવૃદ્ધ સાસુને પણ છોડ્યા નહોતા અને તેમને પણ જેમ ફાવે તેમ બિભત્સ ગાળો ભાંડી હતી. ગાળાગાળી કર્યા બાદ આરોપીઓએ ફરિયાદી અને તેમના પરિવારને ગંભીર પરિણામ ભોગવવાની ધમકી આપી હતી. આ ઘટનાને પગલે ફરિયાદીના પરિવારમાં, ખાસ કરીને વૃદ્ધ સાસુમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. આ બનાવ અંગે ફરિયાદીએ અમરેલી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. પોલીસે આરોપીઓ સામે ગાળાગાળી કરવા, ધમકી આપવા અને એકબીજાને ગુનામાં મદદગારી કરવા બદલ વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી શરૂ કરી હતી.






# લાઠી ખાતે હાઈ કોર્ટના જસ્ટિસના હસ્તે કોર્ટ ભવનનું ઉદ્‌ઘાટન કરાયું

અમરેલી,તા.૨૪



લાઠી ખાતે ન્યાયિક ક્ષેત્રે એક નવું સોપાન ઉમેરાયું છે. ગુજરાત હાઈકોર્ટ અને રાજ્ય સરકારના સંયુક્ત ઉપક્રમે તૈયાર થયેલા નવનિર્મિત અત્યાધુનિક અદાલત ભવનનું ઉદ્‌ઘાટન ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ જોષી સાહેબના હસ્તે કરવામાં આવ્યું હતું. જસ્ટિસ જોષી સાહેબે રીબીન કાપી આ ભવનને ખુલ્લું મૂકતા જણાવ્યું હતું કે, આ સુવિધાથી ન્યાયિક પ્રક્રિયા વધુ ઝડપી અને સુવિધાજનક બનશે.

આ ગરિમામય પ્રસંગે રાજ્યના કાયદા મંત્રી કૌશિકભાઈ વેકરીયા, અમરેલીના ડિસ્ટ્રિક્ટ જજ બ્રહ્મભટ્ટ સાહેબ અને બુખારી સાહેબ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં કલેક્ટર, પોલીસ અધિક્ષક, ઈન્ચાર્જ જજ મુલ્તાની સાહેબ, લાઠી પ્રાંત અધિકારી અને મામલતદાર સહિતના ઉચ્ચ અધિકારીઓ તેમજ વિવિધ બાર એસોસિએશનના પ્રમુખો અને વકીલ મિત્રો મોટી સંખ્યામાં જોડાયા હતા.

# અમરેલી કલેક્ટર ઓફિસ ખાલી કરો, બોમ્બ ફૂટશે, ધમકીભર્યા ઈ-મેઈલથી પોલીસ દોડતી થઈ

અમરેલી, તા.૨૪

અમરેલી જિલ્લા કલેક્ટર કચેરીને ઉડાવી દેવાની ધમકી મળતા સમગ્ર વહીવટી તંત્ર અને સુરક્ષા એજન્સીઓમાં દોડધામ મચી ગઈ હતી. કોઈ અજાણ્યા શખ્સે કલેક્ટર કચેરીના સત્તાવાર ઈ-મેઈલ પર ધમકીભર્યો મેસેજ મોકલી રામ જન્મભૂમિ મંદિર અને કલેક્ટર ઓફિસમાં બોમ્બ બ્લાસ્ટ કરવાની વાત કરી હતી. આ અંગે ઈન્ચાર્જ જનસંપર્ક અધિકારી, તથા ડિઝાસ્ટર મામલતદાર અશોકકુમાર જીવનલાલ મકવાણા (ઉ.વ.૫૬)એ ઈ-મેઈલ મોકલનાર તથા તપાસમાં ખુલે તે તમામ સામે ફરિયાદ નોંધાવી હતી. અમરેલી જિલ્લા કલેક્ટરની કચેરીના સત્તાવાર ઈ-મેઈલ આઈ.ડી. collector-amr@gujarat.gov.in પર arundale_kumar@hotmail.com નામના આઈડી પરથી એક મેઈલ આવ્યો હતો. મોકલનાર શખ્સે પોતાની ઓળખ છુપાવી રાખી હતી અને લોકોમાં ભય ફેલાવવાના ઈરાદાથી આ કૃત્ય કર્યું હોવાનું જણાય છે. તેમાં લખવામાં આવ્યું હતું કે, "LTTE-DMK યોજના: રામ જન્મભૂમિ મંદિર, કલેક્ટર ઓફિસમાં ટૂંક સમયમાં ૪ શક્તિશાળી બોમ્બ ફૂટશે, પહેલા કલેક્ટર કચેરીને ખાલી કરો! આ પ્રકારના ઉલ્લેખ સાથે આરોપીએ સરકારી કામગીરીમાં ખલેલ પહોંચાડવાનો પ્રયાસ કર્યો હતો. ધમકી મળતાની સાથે જ સુરક્ષા એજન્સીઓ સતર્ક થઈ ગઈ હતી અને કલેક્ટર કચેરીની સુરક્ષામાં વધારો કરી દેવામાં આવ્યો હતો.

# રાજુલામાં લાભાર્થીઓ માટે ચેક વિતરણનો કાર્યક્રમ યોજાયો

રાજુલા,તા.૨૪



રાજુલામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અધ્યક્ષ સ્થાને શુક્રવારના રોજ તીરુવનંતપુરમ, કેરળ ખાતે PM SVANidhi યોજનાનો રાષ્ટ્રીય કક્ષાનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમના અનુસંધાને રાજુલા નગરપાલિકા કચેરી ખાતે પણ લાભાર્થીઓ માટે ચેક વિતરણનો વિશેષ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે રાજુલા નગરપાલિકાના પ્રમુખ, ચેરમેન, વિવિધ સમિતિના સભાસદો, નગરપાલિકાના કર્મચારીઓ તેમજ NULM ટીમ હાજર રહી હતી. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સ્થાનિક શેરી ફેરિયાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો, જેમને મહાનુભાવોના હસ્તે લોન સહાયના ચેક અર્પણ કરવામાં આવ્યા હતા.

# બંસીધર પ્રાથમિક શાળામાં 'કલરવ-૨૦૨૬' વાર્ષિક ઉત્સવ સંપન્ન: ભારતીય સંસ્કૃતિ અને દેશભક્તિના રંગે રંગાયા વિદ્યાર્થીઓ

અમરેલી,તા.૨૪

બંસીધર પ્રાથમિક શાળા દ્વારા આચાર્ય હર્ષાબેન બોદર અને બંસીધર પરિવારના સહયોગથી 'કલરવ-૨૦૨૬' વાર્ષિક ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળકો ભારતીય સંસ્કૃતિને જાણે અને માણે તેમજ જીવનમાં ઉતારે તેવા ઉદ્દેશ્યથી આ કાર્યક્રમ યોજાયો હતો.

કાર્યક્રમમાં અનેક વિવિધતાસભર અને બોધપ્રદ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. જેમાં સ્ત્રી સન્માનની જાળવણી કરતી 'દ્રૌપદી વસ્ત્રાહરણ', માતા સીતાના ધૈર્ય અને સહનશીલતાનો પરિચય આપતી 'રામલીલા' અને યુવાનોની ખમીરવંતી ખુમારી દર્શાવતો 'તલવાર રાસ' રજૂ કરાયો હતો. આ ઉપરાંત વર્તમાન પ્રવાહને ધ્યાનમાં રાખીને સોશિયલ મીડિયાના વધુ પડતા ઉપયોગથી બાળમાનસ પર થતી અસર દર્શાવતી કૃતિ અને કાશ્મીરમાં થયેલા આતંકી હુમલાના સંદર્ભે 'ઓપરેશન સિંદૂર' નામની કૃતિએ આકર્ષણ જમાવ્યું હતું.



નાના ભૂલકાઓએ માતા-પિતાના આદર્શો અને આનંદની લાગણી વ્યક્ત કરતી કૃતિઓ પણ રજૂ કરી હતી. વાર્ષિક ઉત્સવને સફળ બનાવવા માટે શાળાના આચાર્ય, મેનેજિંગ ટ્રસ્ટી અને સમગ્ર સ્ટાફ પરિવારે ભારે જહેમત ઉઠાવી હતી.

# પિન્ટુ ગોરખીયાની ધારદાર દલીલથી પોક્સોના આરોપીના જામીન મંજૂર કરાયા

અમરેલી,તા.૨૪



બાબરાના ખાખરીયા ગામે સગીરા હોવાની જાણ હોવા છતાં આરોપી તેને લલચાવી ફોસલાવી લગ્ન કરવાના ઈરાદે ભગાડી ગયો હતો. જેથી સગીરાના પિતાએ બાબરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ આરોપીઓના સગાઓએ અમરેલીના એડવોકેટ પિન્ટુ ગોરખીયાનો સંપર્ક કરતા વકીલ પિન્ટુ ગોરખીયાએ આરોપીની જામીન અરજી તૈયાર કરી જેમાં જણાવાયેલ કે આરોપીનો કોઈ ગુનાહિત ઈતિહાસ નથી, ભોગ બનનારને આરોપી સાથે પ્રેમસંબંધ હોય તેથી મરજીથી તેની સાથે સગીરા ગઈ હતી. આ બાબતનો ઉલ્લેખ કરતા ડિસ્ટ્રીક્ટ અને સેશન્સ જજ શ્રીવાસ્તવ દ્વારા પિન્ટુ ગોરખીયાની દલીલને ગ્રાહ્ય રાખી પોક્સોના આરોપીની જામીન અરજી મંજૂર કરવામાં આવી છે.

# બાબરામાં વીરબાઈ માતાની જન્મ જયંતી નિમિત્તે સત્સંગ અને અન્નકૂટ યોજાયો

**અનકૂટના દર્શન બાદ પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું**

બાબરા, તા.૨૪



બાબરામાં લોહાણા મહાજનવાડી ખાતે વર્ષોથી નિયમિત રીતે ચાલતા મહિલા સત્સંગ મંડળ દ્વારા વીરબાઈ માતાની જન્મ જયંતીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. અત્યાર સુધી વીરબાઈ માતાની જન્મ જયંતીની ઉજવણી ન થતી હોવાને કારણે બહેનો દ્વારા જલારામ ઝૂંપડી ખાતે રોટલાના અન્નકૂટનું આયોજન થતું હતું.

આ અવસરે આજે શિવાજી ચોકથી શરૂ થઈ ઊભી બજાર, ચકલા ચોક થઈ જલારામ ઝૂંપડી સુધી ભવ્ય શોભાયાત્રામાં સમગ્ર માર્ગ પર ભક્તિમય માહોલ સર્જાયો હતો. અન્નકૂટમાં વીરબાઈ માતામાં માનતા ધરાવતા અનેક ભક્તોએ સામગ્રી સ્વરૂપે રોટલા અર્પણ કર્યા હતા. અનકૂટના દર્શન બાદ સત્સંગ યોજાયો અને ત્યારબાદ પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# અમરેલી રૂરલ પોલીસે ૧૫ વર્ષથી ગુમ મહિલાને શોધી કાઢી : ૨૦૧૦માં કહ્યા વગર ચાલી ગઈ હતી

અમરેલી,તા.૨૪



ગુજરાત રાજ્યમાં ગુમ અને અપહરણ થયેલ વ્યક્તિઓને શોધી કાઢવા માટે ચાલી રહેલી ખાસ ઝુંબેશ અંતર્ગત અમરેલી રૂરલ પોલીસે ૨૦૧૦થી એટલે કે ૧૫ વર્ષથી ગુમ થયેલ મહિલાને શોધી કાઢવામાં સફળતા મેળવી છે.

મળતી માહિતી મુજબ અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનના પી.આઈ. ઓ. કે. જાડેજા અને તેમની ટીમે આ કામગીરી કરી હતી. અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનમાં ગુમ જાણવા જોગ નં. ૧૨/૨૦૧૦ (તા.૨૬/૦૬/૨૦૧૦) મુજબ નોંધાયેલા કેસમાં પોલીસ તપાસ કરી રહી હતી. પોલીસ તપાસમાં સામે આવ્યું હતું કે, આ કામના બહેન ૨૦ વર્ષની વયે એક વ્યક્તિ સાથે લગ્ન કરી લીધેલ હોય અને કોઈને કહ્યા વગર જતા રહ્યા હતા. પોલીસે બાતમી અને ટેકનિકલ સોર્સના આધારે ૧૫ વર્ષ જૂના આ કેસનો ભેદ ઉકેલી મહિલાને શોધી કાઢી છે.

# સા.કુંડલામાં બે શખ્સો પર લાકડાના ધોકા વડે હુમલો

સાવરકુંડલા, તા.૨૪

સાવરકુંડલા શહેરમાં હિંસક હુમલાની ઘટના સામે આવી છે. ભાર રિક્ષા લઈને મજૂરીકામ અર્થે જઈ રહેલા બે શખ્સો પર રસ્તામાં કેટલાક શખ્સોએ હુમલો કરી ઈજા પહોંચાડી હોવાની ફરિયાદ નોંધાઈ હતી. હેતલબેન દિપકભાઈ નગવાડીયા (ઉ.વ.૨૦) એ છનાભાઈ મકવાણા તથા શરદભાઈ ચિથરભાઈ મકવાણા સામે ફરિયાદ નોંધાવી હતી. મળતી માહિતી મુજબ, તેઓ અને સાહેદ પોતાની ભાર રિક્ષા લઈને મજૂરી માટે જઈ રહ્યા હતા. આ દરમિયાન આરોપીઓએ રિક્ષામાં ચડી જઈને હુમલો કર્યો હતો. જેમાં મુખ્ય આરોપીએ તેમને જમણી આંખની ઉપર કપાળના ભાગે લાકડાના ધોકાનો જોરદાર ફટકો માર્યો હતો. આ હુમલામાં તેમને ગંભીર ઈજા થતા કપાળના ભાગે બે ટાંકા આવ્યા હતા. હુમલાખોરોએ આટલેથી ન અટકતા, રિક્ષામાં હાજર સાહેદને નાકના ભાગે ઢીંકાવાળી કરતા નાકમાંથી લોહી નીકળવા લાગ્યું હતું. ત્યારબાદ બંને આરોપીઓએ ફરિયાદી અને સાહેદને ઢીકાપાટુનો આડેધડ માર મારી મુંઢ ઈજાઓ પહોંચાડી હતી. હુમલો કર્યા બાદ આરોપીઓ જતી વખતે જો ફરીવાર સામે મળ્યા તો જાનથી મારી નાખીશું તેવી ધમકી આપી નાસી છૂટ્યા હતા. આ મામલે તેમણે આરોપીઓ વિરુદ્ધ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે એકબીજાની મદદગારી કરી ગુનો આચરનારા આરોપીઓ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

# ચલાલામાં નવનિર્મિત 'જુમ્મા મસ્જિદ'નો આજરોજ ભવ્ય લોકાર્પણ સમારોહ

ચલાલા, તા.૨૪

સૂફી સંતો અને દાનવીરોની પવિત્ર ભૂમિ ગણાતા ચલાલામાં હિન્દુ-મુસ્લિમ ભાઈચારાનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ જોવા મળ્યું છે. સમસ્ત સુન્ની મુસ્લિમ જમાત દ્વારા નિર્મિત અદ્યતન 'જુમ્મા મસ્જિદ'નું આજે રવિવાર, ૨૫ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ ભવ્ય ઉદ્‌ઘાટન કરવામાં આવશે. આ પ્રસંગની વિશેષતા એ છે કે, આ લોકાર્પણ સમારોહ આદરણીય શબીરબાપુના પ્રમુખ સ્થાને અને દાનમહારાજની જગ્યાના મહંત વલકુબાપુની ગરિમામય હાજરીમાં યોજાશે. મંદિર અને મસ્જિદના પ્રતિનિધિઓની એકસાથે ઉપસ્થિતિ ચલાલાની 'ધીંગી ધરા' પર સામાજિક એકતાની સુવાસ ફેલાવશે. સવારે ૧૧:૦૦ કલાકે આયોજિત આ કાર્યક્રમને સફળ બનાવવા જમાતના પ્રમુખ હુસૈનભાઈ કાલીયા અને ઉપપ્રમુખ ઈકબાલભાઈ બેલીમ સહિતની ટીમ ભારે જહેમત ઉઠાવી રહી છે. આધુનિક સુવિધાઓથી સજ્જ આ મસ્જિદનું નિર્માણ ચલાલા પંથક માટે ગૌરવ સમાન છે, જેને લઈને સમગ્ર પંથકમાં ખુશીનો માહોલ છે.

# ગીદરડી ગામે વાડી વિસ્તારમાંથી વૃદ્ધા ગુમ

ખાંભા, તા.૨૪

અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના ગીદરડી ગામેથી એક વૃદ્ધા કોઈને કહ્યા વગર ક્યાંક ચાલ્યા ગયા હોવાની ઘટના સામે આવી હતી. છેલ્લા બે દિવસથી પરિવારજનો દ્વારા શોધખોળ કરવા છતાં કોઈ પતો ન લાગતા આખરે પોલીસને જાણ કરવામાં આવી હતી. જેહુરભાઈ પીઠાભાઈ ભુવા (ઉ.વ.૫૦)એ જાહેર કર્યા મુજબ, ગીદરડી ગામે વાડી વિસ્તારમાં રહેતા માલુબેન પીઠાભાઈ ભુવા (ઉ.વ.૯૦) ૨૨/૦૧/૨૦૨૬ ના રોજ બપોરના આશરે ૧૧:૦૦ વાગ્યાના સમય દરમિયાન પોતાના ઘરેથી કોઈને પણ કહ્યા વગર ક્યાંક જતા રહ્યા હતા. પરિવારજનોએ આસપાસના વિસ્તારમાં, સગા-સંબંધીઓમાં અને સંભવિત તમામ સ્થળોએ તપાસ કરી હતી, પરંતુ આજદિન સુધી તેમનો કોઈ પત્તો મળ્યો નથી.

## અવસાન નોંધ

**બગસરા**

ગં. સ્વ.રાણીબેન ગોરધનભાઈ વેકરીયા (ઉ.વ.૯૪)નું તા.૧૯/૦૧/૨૦૨૬ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. તે જેન્તીભાઈ, ધીરૂભાઈ તેમજ વેલજીભાઈના માતૃશ્રી થાય છે.

**જાત્રુડા**

સ્વ.હરીભાઈ નારણભાઈ હેલૈયાનું તા.૧૯/૦૧/૨૦૨૬ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. તેમની ઉત્તરક્રિયા તા.૨૭/૦૧/૨૦૨૬ને મંગળવારના રોજ જાત્રુડા ગામે તેમના નિવાસ સ્થાને રાખેલ છે.

## સાજીયાવદર ગ્રામપંચાયત તા.જી.અમરેલી.

### જાહેર હરરાજી અંગેની નિવિદા

આથી જાહેર હરરાજીથી ઈમાલો લેવામાં રસ ધરાવતા લોકોને આ જાહેર નિવિદાથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તા.જી.ના સાજીયાવદર ગ્રામ પંચાયત કચેરી દ્વારા નીચે જણાવેલ વિગત મુજબની અસ્કયામતનાં ઈમલાની જાહેર હરરાજી નીચે દર્શાવ્યા મુજબના સ્થળે અને અસ્કયામતની જે સ્થીતીમાં નિયત તારીખ અને સમયે કરવામાં આવશે, જેથી જાહેર હરરાજીમાં ભાગ લેવા ઈચ્છતા લોકોએ સ્થળ ઉપર સમયસર હાજર રહેવા જાણ કરવામાં આવે છે. હરરાજીમાં ભાગ લેનારે રૂા. ૨૦૦૦/- રકમ સ્થળ ઉપર જમા કરાવવી પડશે.

| ક્રમ | અસ્કયામત અને ઈમલાની વિગત | જાહેર હરરાજીની તારીખ | જાહેર હરરાજીનો સમય | નક્કી થયેલી અપસેટ કિંમત | જાહેર હરરાજીનું સ્થળ |
|---|---|---|---|---|---|
| ૧ | કોમ્યુનીટી હોલ | ૨૮/૦૧/૨૦૨૬ | ૧૨-૩૦ કલાકે બપોરે | ૮૦૦૦/- | ગ્રામ પંચાયત કચેરી સાજીયાવદર |

જાહેર હરરાજીની શરતો, બોલીઓ, નિયમો વિગેરે સ્થળ ઉપર વાંચી સંભળાવવામાં આવશે. તથા ઉપરોક્ત અસ્કયામતના ઈમલાની જાહેર હરરાજીમાં નિર્ણય કરવાની આખરી સત્તા તથા નિયમોમાં ફેરફાર વિગેરે કરવાનો અબાધિત અધિકાર નીચે સહી કરનારાઓની રહેશે.

**તલાટી કમ મંત્રીશ્રી** — સાજીયાવદર ગ્રામ પંચાયત
**સરપંચશ્રી** — સાજીયાવદર ગ્રામ પંચાયત


GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો
ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર
10% GST ઘટાડા સાથે આજે જ ખરીદો

ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.




BLUE BUDDHA
Shopping With us can be very rewarding
END OF SEASON SALE
BUY 1 GET 1 FREE
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
■ મનિષ વાકોતર ■ વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in | નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.



શું તમને સાંભળવાની તકલીફ છે ?

નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીન ઉપલબ્ધ : વોટરપ્રુફ
રિચાર્જેબલ | બ્લુટૂથ ટેકનોલોજી | AI ટેકનોલોજી
બેસ્ટ સાઉન્ડ કવોલિટી | વ્યાજબી કિંમત

કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

## ચાર જિલ્લામાં ૨૦ ગુનાને અંજામ આપ્યો, રોકડ અને સોનાના દાગીનાની લૂંટ ચલાવતા હતા

# અમરેલી જિલ્લામાં દુઃખ-દર્દ દૂર કરવાનું કહી છેતરપિંડી આચરતી ગેંગ ઝડપાઇ

અમરેલી,તા.૨૪

અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાત દ્વારા જિલ્લામાં વણશોધાયેલ મિલકત સબંધી ગુનાઓ શોધી કાઢવાની સૂચના આપવામાં આવી હતી. આ અન્વયે અમરેલી LCB પી.આઈ. એ.ડી. ચાવડાની રાહબરી હેઠળની ટીમે બાતમીના આધારે એક સચોટ ઓપરેશન હાથ ધરી છેતરપિંડી આચરતી ગેંગના ત્રણ સભ્યોને ઝડપી પાડ્યા છે. આ ગેંગ ધાર્મિક વિધિ કરી બીમારી અને દુઃખ-દર્દ દૂર કરવાના બહાને ભોળા લોકોને વિશ્વાસમાં લઈ સોનાના દાગીના અને રોકડ રકમ પડાવતી હતી. પોલીસે આરોપીઓ પાસેથી રોકડ રકમ, સોનાના ઢાળિયાઓ અને મોટર સાયકલ સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પ્રાથમિક પૂછપરછમાં આ ગેંગે અમરેલી, રાજકોટ, મોરબી અને જામનગર જિલ્લામાં મળી કુલ ૨૦ જેટલા છેતરપિંડીના ગુનાઓ આચર્યા હોવાની કબૂલાત કરી છે. આ સફળતાથી અનેક અનડીટેક્ટ ગુનાઓનો ભેદ ઉકેલાયો છે અને પોલીસ દ્વારા આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ ટોળકી અમરેલી જિલ્લામાં છેલ્લાં ઘણા સમયથી સક્રિય થઈ હતી. ટોળકીના શખ્સો વૃધ્ધ અને મહિલાઓને નિશાન બનાવતા હતા. અમરેલી એલસીબીએ આ ટોળકીના ત્રણ સભ્યોને ઝડપી પાડતા એલસીબીની કામગીરીની પ્રસંશા થઈ રહી છે. પકડાયેલા ત્રણેય આરોપી રમેશ જવેર લકુમ, ભરત સુરા લકુમ અને ઉપેન્દ્ર મીઠા લકુમ રહે.ત્રણેય રાજકોટવાળાઓએ છેતરપિંડી અને વિશ્વાસઘાતના ગુનાને અંજામ આપ્યો હતો.



## આરોપીઓએ કરેલી ગુનાની કબુલાત

વડીયા તાલુકાના જુના બાદલપુર ગામે, એક રહેણાંક મકાને પાણી પીવાના બહાને જઇ ત્યાં એક ભાઇ તથા મહિલા અને દીકરો હાજર હતા, તેઓને પોતે રાજકોટ ગામ બાજુના છીએ અને રામામંડળનું આખ્યાન રમીએ છીએ, તમો કેમ બોવ ચિંતામાં છો અને તમારો દીકરો બીમાર રહે છે તેવું કહેતા હાજર ભાઇએ તેના દીકરાને અગાઉ પેરાલીસીસ આવેલ, તેની ઘણી દવા કરાવવા છતાં સારૂ થતું નહી હોવાનું કહેલ. જેથી તેઓની પાસે અલગ અલગ વિધિઓ કરાવી બધુ સારૂ થઇ જશે તેમ કહી વિશ્વાસમાં લઇ, મહિલાએ તેના બન્ને કાનમાં પહેરેલ સોનાની બુટ્ટીઓ એક સફેદ કપડામાં મુકાવી, વિધિ કરાવવાના નામે છેતરપિંડી કરી સોનાની બન્ને બુટ્ટીઓ લઇ જતા રહેલ. ત્યારબાદ આશરે પોણા પાંચ મહિના પહેલા, વડીયા-બગસરા રોડ પર અરજણસુખ ગામ પાસે રમેશનાથ અને ઉપેન્દ્રનાથ નામના શખ્સોએ એક મહિલાને નિશાન બનાવી હતી. તરસ્યા હોવાનું કહી પાણી પીવાના બહાને તેઓ મહિલા પાસે ગયા અને પોતે સરધાર ગામના હોવાનું જણાવ્યું હતું. 'તમે બહુ ચિંતામાં છો' તેમ કહી, પુત્રની બીમારી દૂર કરવાનું પ્રલોભન આપી મહિલાની સોનાની કડીઓ સફેદ કપડામાં રખાવી વિશ્વાસઘાત કરી ફરાર થઈ ગયા હતા. આવી જ રીતે સવા છ મહિના પહેલા બગસરાના પીઠડીયા ગામે પણ આ ટોળકીએ એક દંપતીને નિશાન બનાવ્યું હતું. ઘરમાં પ્રવેશ કરી અલગ-અલગ વિધિઓના બહાને તિજોરીમાંથી સોનાની બુટ્ટીઓ કઢાવી હતી. આ બુટ્ટીઓ ત્રણ દિવસ માટે વિધિમાં રાખવાનું કહી તેઓ રફુચક્કર થઈ ગયા હતા. આ જ મોડસ ઓપરેન્ડ આચરી રાજકોટ, મોરબી, જામનગર જિલ્લામાં પણ છેતરપિંડીના ગુનાઓ આચર્યા હોવાની કબુલાત આપી છે.

## આરોપીઓની ગુનો કરવાની રીત

આ શખ્સો મુખ્યત્વે ગામડાંઓ કે વાડી વિસ્તારમાં આવેલા રહેણાંક મકાનોને પોતાનો શિકાર બનાવતા હતા. આ આરોપીઓ રસ્તો પૂછવાના કે પાણી પીવાના બહાને ઘરમાં પ્રવેશતા અને વાતોમાં લલચાવી ઘરની વિગતો જાણી લેતા હતા. તેઓ પોતાની ઓળખ 'રામાપીરના ભગત' તરીકે આપી, કોઈપણ પ્રકારની બીમારી કે દુઃખ-દર્દ દૂર કરવાનો દાવો કરી સામેવાળી વ્યક્તિનો વિશ્વાસ જીતતા હતા. ત્યારબાદ, વિધિ કરવાના બહાને સોનાના દાગીના મંગાવી, નજર ચૂકવીને ફરાર થઈ જતા હતા. એટલું જ નહીં, રામાપીરનું આખ્યાન કે રામામંડલ રમાડવા માટે તથા દીવેલના ખર્ચ પેટે રોકડ રકમ પડાવી લેવાની પણ તેમને ટેવ હતી.

## આરોપીઓનો ગુનાહિત ઈતિહાસ, મળેલ મુદ્દામાલની વિગત

આરોપી રમેશનાથ સામે માણાવદર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે. જયારે આરોપી ભરતનાથ સામે માલવીયા નગર રાજકોટ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે. જયારે ઉપેન્દ્ર લકુમ સામે માણાવદર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે. પોલીસે આરોપીઓ પાસેથી કુલ રૂ. ૨,૫૦,૫૦૦/-નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. જેમાં ત્રણ સોનાના ઢાળીયા (કુલ વજન આશરે ૧૮.૨૮ ગ્રામ) મળી આવ્યા છે, જેની બજાર કિંમત રૂ. ૨,૦૭,૦૦૦/- આંકવામાં આવી છે. આ ઉપરાંત, પોલીસને આરોપીઓ પાસેથી રૂ. ૧૮,૦૦૦/- ની રોકડ રકમ, એક કીપેડ મોબાઈલ ફોન અને ગુનામાં વપરાયેલ હોન્ડા ડ્રીમ મોટર સાયકલ (નંબર GJ-03-HF-૪૨૫૮) પણ મળી આવ્યા છે.

## એલસીબી પોલીસે રોકડ રકમ સહિત રૂ.૨.૫૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

### રાજકોટ

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૪૭૦ | ૧૬૨૫ |
| ઘઉં લોકવન | ૫૦૯ | ૫૨૨ |
| ઘઉં ટુકડા | ૫૧૦ | ૫૭૨ |
| જુવાર સફેદ | ૯૮૦ | ૧૦૩૦ |
| જુવાર પીળી | ૩૫૦ | ૪૫૦ |
| બાજરી | ૩૦૦ | ૩૬૦ |
| તુવેર | ૯૯૦ | ૧૬૦૦ |
| ચણા પીળા | ૯૦૦ | ૧૧૩૫ |
| ચણા સફેદ | ૧૦૬૦ | ૧૯૩૨ |
| અડદ | ૧૦૪૦ | ૧૬૦૫ |
| મગ | ૧૧૫૦ | ૧૮૦૦ |
| વાલ દેશી | ૬૦૦ | ૧૧૪૦ |
| ચોળી | ૯૫૦ | ૧૫૨૮ |
| મઠ | ૧૦૩૦ | ૧૯૭૦ |
| વટાણા | ૪૦૦ | ૧૪૦૦ |
| કળથી | ૩૭૫ | ૪૫૦ |
| રાજમા | ૪૦૦ | ૧૬૦૭ |
| મગફળી જાડી | ૧૨૫૦ | ૧૫૭૭ |
| મગફળી જીણી | ૧૨૬૦ | ૧૫૬૮ |
| તલી | ૧૬૪૦ | ૨૦૮૦ |
| એરંડા | ૧૧૧૧ | ૧૨૫૦ |
| અજમો | ૮૦૦ | ૨૦૫૬ |
| સોયાબીન | ૯૦૦ | ૧૦૫૩ |
| સીંગફાડા | ૧૦૦૦ | ૧૬૪૪ |
| કાળા તલ | ૩૦૦૦ | ૪૪૪૪ |
| લસણ | ૧૦૫૦ | ૧૫૦૦ |
| ધાણા | ૧૭૧૧ | ૨૦૧૦ |
| મરચા સુકા | ૩૫૦૦ | ૫૫૦૦ |
| ધાણી | ૧૮૦૦ | ૨૨૫૦ |
| વરીયાળી | ૧૧૦૦ | ૧૬૫૧ |
| જીરૂ | ૪૧૨૫ | ૪૬૦૦ |
| રાય | ૧૧૫૦ | ૧૬૦૦ |
| મેથી | ૯૦૦ | ૧૩૬૧ |
| રાયડો | ૧૦૫૦ | ૧૨૫૦ |

### રાજકોટ (શાકભાજી)

| | | |
|---|---|---|
| લીંબુ | ૨૧૬ | ૪૫૩ |
| પપૈયા | ૮૭ | ૧૪૧ |
| બટેટા | ૧૦૯ | ૨૧૭ |
| ડુંગળી સુકી | ૧૦૧ | ૨૮૫ |
| ટમેટા | ૨૬૪ | ૫૧૯ |
| સુરણ | ૫૧૬ | ૭૦૯ |
| કોથમરી | ૧૪૪ | ૨૦૬ |
| મુળા | ૨૩૫ | ૪૨૩ |
| રીંગણા | ૨૦૨ | ૬૪૨ |
| કોબીજ | ૬૧ | ૧૦૨ |
| ફ્લાવર | ૨૦૬ | ૫૦૧ |
| ભીંડો | ૬૯૨ | ૧૧૧૬ |
| ગુવાર | ૧૦૩૭ | ૨૦૨૯ |
| ચોળાસીંગ | ૮૨૭ | ૧૦૨૨ |
| વાલોળ | ૫૦૧ | ૭૧૩ |
| ટીંડોરા | ૫૩૬ | ૧૦૨૯ |
| દુધી | ૨૦૯ | ૪૨૧ |
| કારેલા | ૭૩૪ | ૯૯૨ |
| સરગવો | ૬૯૬ | ૧૧૨૭ |
| તુરીયા | ૧૦૨૭ | ૧૨૪૬ |
| પરવર | ૧૬૧૬ | ૨૦૦૯ |
| કાકડી | ૨૯૬ | ૫૪૭ |
| ગાજર | ૨૧૩ | ૩૦૨ |
| વટાણા | ૩૧૯ | ૫૧૭ |
| તુવેરસીંગ | ૩૩૨ | ૫૧૪ |
| ગલકા | ૫૪૬ | ૮૦૪ |
| બીટ | ૧૦૧ | ૨૧૭ |
| મેથી | ૧૩૯ | ૨૦૯ |
| વાલ | ૪૧૬ | ૬૧૧ |
| ડુંગળી લીલી | ૨૧૨ | ૩૨૧ |
| આદુ | ૧૦૨૭ | ૧૨૨૩ |
| ચણા લીલા | ૧૧૬ | ૩૦૭ |
| મરચા લીલા | ૪૧૩ | ૭૨૬ |
| હળદર લીલી | ૫૨૧ | ૭૧૨ |
| લસણ લીલું | ૬૮૨ | ૮૬૧ |
| મકાઇ લીલી | ૧૯૬ | ૩૬૯ |

### ગોંડલ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૧૧ | ૧૬૦૧ |
| ઘઉં લોકવન | ૫૦૬ | ૫૪૦ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૨૦ |
| મગફળી જીણી | ૧૨૬૬ | ૧૭૩૧ |
| સિંગ ફાડીયા | ૧૩૫૧ | ૧૭૮૧ |
| એરંડા / એરંડી | ૧૦૪૬ | ૧૨૮૬ |
| જીરૂ | ૨૭૫૧ | ૪૬૫૧ |
| ધાણા | ૧૦૦૦ | ૨૧૦૬ |
| ડુંગળી લાલ | ૯૧ | ૩૨૬ |
| અડદ | ૧૧૧૧ | ૧૬૭૧ |
| તુવેર | ૧૧૪૧ | ૧૬૧૧ |
| રાય | ૧૫૦૦ | ૧૫૦૦ |
| મેથી | ૮૧૧ | ૧૧૬૧ |
| કાંગ | ૫૫૧ | ૫૭૧ |
| મરચા | ૧૩૫૧ | ૬૨૦૧ |
| મગફળી જાડી | ૧૧૩૧ | ૧૫૯૧ |
| નવા ધાણા | ૧૦૦૦ | ૨૧૦૧ |
| નવી ધાણી | ૧૧૦૦ | ૨૯૫૧ |
| નવું જીરૂ | ૩૦૧૧ | ૫૩૦૧ |
| સફેદ ચણા | ૧૦૫૧ | ૧૯૩૧ |
| મગફળી ૬૬ | ૧૨૦૦ | ૧૭૫૧ |
| તલ - તલી | ૧૦૫૧ | ૨૧૪૧ |
| ધાણી | ૧૧૦૦ | ૨૦૬૬ |
| ડુંગળી સફેદ | ૨૦૧ | ૩૭૧ |
| બાજરો | ૩૧૧ | ૪૧૧ |
| જુવાર | ૫૫૧ | ૧૦૫૧ |
| મગ | ૧૦૭૬ | ૧૮૮૧ |
| ચણા | ૯૫૧ | ૧૧૧૧ |
| વાલ | ૬૦૧ | ૧૦૪૧ |
| ચોળા / ચોળી | ૮૭૬ | ૧૪૭૧ |
| સોયાબીન | ૮૮૬ | ૧૦૬૧ |
| રજકાનું બી | ૧૪૦૧ | ૧૪૦૧ |
| કળથી | ૨૭૬ | ૮૧૧ |
| ગોગળી | ૭૦૦ | ૧૩૭૧ |
| વટાણા | ૪૭૬ | ૧૧૬૧ |

### ગોંડલ (શાકભાજી)

| | | |
|---|---|---|
| ટમેટા | ૨૦૦ | ૫૦૦ |
| મરચા | ૨૮૦ | ૧૨૦૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૨૦૦૦ |
| કોબી | ૬૦ | ૨૪૦ |
| દુધી | ૧૦૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૪૦૦ |
| કાકડી | ૩૦૦ | ૮૦૦ |
| રીંગણા | ૨૮૦ | ૮૦૦ |
| ભીંડો | ૫૦૦ | ૧૪૦૦ |
| ગલકા | ૩૦૦ | ૮૦૦ |
| ગાજર | ૧૬૦ | ૩૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૭૦૦ |
| તુવેર | ૩૦૦ | ૯૦૦ |
| વાલ | ૩૦૦ | ૯૦૦ |
| વટાણા | ૨૦૦ | ૬૦૦ |
| શક્કરીયા | ૩૦૦ | ૬૦૦ |
| બટેટા | ૧૦૦ | ૨૫૦ |
| અંબાળા | ૫૦૦ | ૭૦૦ |
| ડુંગળી પુરા | ૫ | ૧૦ |
| તાંજરીયા પુરા | ૧ | ૪ |
| કોથમીર પુરા | ૧ | ૩ |
| મૂળા પુરા | ૩ | ૭ |
| ફોદીનો પુરા | ૨ | ૪ |
| પચકારુ | ૧૮૦ | ૨૨૦ |
| ચ્રૂણ | ૮૦૦ | ૧૨૦૦ |
| ઘીસોડા | ૪૦૦ | ૧૨૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૪૦૦ |
| મેથી પુરા | ૨ | ૩ |
| બીટ પુરા | ૫ | ૧૫ |
| સરગવો પુરા | ૨૦ | ૩૦ |
| ચોરા | ૪૦૦ | ૧૨૦૦ |
| વાલોળ | ૨૦૦ | ૪૦૦ |
| કાચા પોપૈયા | ૬૦ | ૨૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૩૦૦ |
| ફણશી | ૧૧૦૦ | ૧૭૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૪૦૦ |
| લસણ પુરા | ૧૦ | ૧૫ |
| પાલક પુરા | ૧ | ૩ |

### અમરેલી

| | | |
|---|---|---|
| શીંગ મઠડી | ૧૧૦૫ | ૧૪૮૫ |
| શીંગ ૬૬ ન | ૧૩૪૫ | ૧૩૪૫ |
| ગીરનાર શીંગ | ૧૧૪૫ | ૧૫૨૫ |
| શીંગ મોટી | ૧૦૫૦ | ૧૫૦૫ |
| શીંગ દાણા | ૧૩૦૦ | ૧૭૫૫ |
| શીંગદાણા ફાડા | ૧૬૪૦ | ૧૭૨૦ |
| તલ સફેદ | ૧૦૦૫ | ૨૨૬૦ |
| તલ કાળા | ૨૨૦૦ | ૪૪૯૦ |
| તલ કાશમીરી | ૨૦૧૫ | ૨૦૧૫ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૧૫ |
| ઘઉં લોકવન | ૪૮૦ | ૫૩૦ |
| મકાઈ | ૪૫૦ | ૫૫૦ |
| અડદ | ૧૨૫૦ | ૧૩૩૫ |
| ચણા | ૮૨૦ | ૧૦૬૦ |
| સફેદ ચણા | ૧૦૦૫ | ૧૦૧૫ |
| તુવેર | ૯૫૦ | ૧૫૪૦ |
| વાલ | ૫૦૫ | ૧૩૫૦ |
| કપાસ | ૧૦૫૦ | ૧૬૪૫ |
| એરંડા | ૧૦૦૦ | ૧૨૬૫ |
| જીરૂ | ૩૬૧૦ | ૪૪૧૫ |
| ધાણા | ૧૪૭૫ | ૧૯૨૫ |
| મેથી | ૭૭૫ | ૮૬૫ |
| સોયાબીન | ૮૫૫ | ૧૦૫૦ |
| મરચાં લાંબા | ૯૪૦ | ૫૭૩૦ |
| કાંગ | ૫૩૦ | ૫૭૦ |
| નવા ચણા | ૧૧૬૦ | ૧૧૬૦ |
| નવા ધાણા | ૧૧૩૦ | ૧૭૭૫ |

### અમરેલી (શાકભાજી)

| | | |
|---|---|---|
| બટેટા | ૧૫૦ | ૨૩૦ |
| રીંગણા | ૬૦૦ | ૮૦૦ |
| ફ્લાવર | ૪૦૦ | ૫૦૦ |
| કોબીજ | ૧૫૦ | ૨૦૦ |
| શક્કરીયા | ૫૦૦ | ૫૮૦ |
| ટમેટાં | ૪૦૦ | ૬૫૦ |
| સુરણ | ૭૦૦ | ૮૦૦ |
| ગાજર | ૨૬૦ | ૩૫૦ |
| દુધી | ૨૦૦ | ૩૫૦ |
| કારેલા | ૮૦૦ | ૯૦૦ |
| ગલકા | ૭૫૦ | ૮૫૦ |
| મૂળા | ૧૪૦ | ૧૯૦ |
| કાકડી | ૬૦૦ | ૭૦૦ |
| ગુવાર | ૧૮૦૦ | ૨૨૦૦ |
| વાલોળ | ૨૦૦ | ૩૧૦ |
| વટાણા | ૪૫૦ | ૪૮૦ |
| ચોળા લીલા | ૭૦૦ | ૮૫૦ |
| તુરીયા | ૯૦૦ | ૧૦૦૦ |
| આમળા | ૫૦૦ | ૬૦૦ |
| વાલ | ૫૦૦ | ૬૦૦ |
| ભીંડો | ૧૦૨૦ | ૧૧૩૦ |
| હળદર લીલી | ૪૫૦ | ૫૫૦ |
| આદુ | ૧૧૨૦ | ૧૩૧૦ |
| કોથમીર | ૧૪૦ | ૨૧૦ |
| મેથીભાજી | ૧૬૦ | ૨૦૦ |
| ફોદીનો | ૫૩૦ | ૬૨૦ |
| ટીંડોરા | ૮૫૦ | ૯૫૦ |
| બીટ | ૨૦૦ | ૩૦૦ |
| તુવેર | ૫૦૦ | ૬૦૦ |
| લીમડો મીઠો | ૧૯૦ | ૨૧૦ |
| મરચાં લીલાં | ૪૫૦ | ૧૦૦૦ |
| મરચાં લાલ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ડુંગળી લીલી | ૩૫૦ | ૪૦૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૩૬૦ |
| લસણ લીલું | ૬૦૦ | ૮૦૦ |
| લસણ સુકું | ૬૦૦ | ૨૨૦૦ |
| પાલક | ૩૦૦ | ૩૮૦ |
| લીંબુ | ૨૦૦ | ૨૮૦ |
| મકાઇ | ૩૦૦ | ૪૦૦ |

### બાબરા

| | | |
|---|---|---|
| કપાસ શંકર | ૧૪૫૫ | ૧૬૭૦ |
| કપાસ મીડીયમ | ૧૩૮૦ | ૧૪૫૦ |
| મગફળી | ૧૧૩૫ | ૧૪૭૫ |
| તલ સફેદ | ૧૫૬૦ | ૧૮૭૦ |
| તલ કાળા | ૩૪૭૦ | ૪૦૯૦ |
| જીરૂ | ૩૦૬૫ | ૪૪૭૫ |
| ઘઉં | ૪૭૦ | ૫૩૦ |
| ચણા | ૯૧૫ | ૧૦૪૫ |
| તુવેર | ૯૩૧ | ૧૪૬૯ |
| સોયાબીન | ૭૮૭ | ૯૭૩ |

### રાજુલા

| | | |
|---|---|---|
| શીંગ | ૧૧૦૦ | ૧૩૮૦ |
| તલ સફેદ | ૧૬૪૫ | ૧૯૫૦ |
| તલ કાળા | ૧૮૭૫ | ૪૧૦૦ |
| કપાસ | ૧૧૦૦ | ૧૬૧૫ |
| બાજરો | ૩૫૭ | ૪૦૪ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૭૮ |
| મગ | ૧૮૭૦ | ૧૮૭૦ |
| અડદ | ૧૩૦૦ | ૧૩૦૦ |
| તુવેર | ૧૪૭૦ | ૧૫૦૧ |

### સાવરકુંડલા

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૧૨૫૦ | ૧૪૫૨ |
| શીંગ મોટી | ૧૩૦૦ | ૧૪૭૦ |
| તલ સફેદ | ૧૬૨૦ | ૧૯૯૦ |
| તલ કાળા | ૩૫૫૦ | ૪૨૯૦ |
| જીરૂ | ૩૯૫૦ | ૪૫૭૫ |
| કપાસ | ૧૪૦૦ | ૧૬૨૦ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૭૬ |
| બાજરો | ૩૦૦ | ૪૫૧ |
| જુવાર | ૬૦૧ | - |
| અડદ | ૮૦૦ | - |
| ચણા | ૮૧૦ | ૯૫૧ |
| તુવેર | ૧૧૭૫ | ૧૫૭૫ |
| એરંડી | ૧૦૦૦ | ૧૨૦૧ |
| ધાણા | ૧૨૬૭ | ૧૮૩૧ |
| સોયાબીન | ૭૫૦ | ૯૩૫ |

### બગસરા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૦ | ૧૬૨૨ |
| ઘઉં લોકવન | ૪૮૦ | ૫૧૮ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૧૨ |
| ચણા નવા | ૧૦૧૯ | ૧૧૧૧ |
| ધાણા | ૧૩૦૦ | ૧૭૩૫ |
| અડદ | ૮૩૫ | ૮૩૫ |
| સોયાબીન | ૭૨૫ | ૧૦૩૭ |
| મગફળી | ૧૧૨૫ | ૧૪૦૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૪૦૦ |
| શિંગ દાણા | ૧૩૨૦ | ૧૫૨૦ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૧૯૧૦ |
| મેથી | ૮૦૦ | ૮૦૦ |
| લસણ | ૫૦૦ | ૮૦૦ |
| એરંડી | ૧૦૦૦ | ૧૦૦૦ |

### લીલીયા મોટા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૩૦૦ | ૧૫૭૯ |

### ધારી

| | | |
|---|---|---|
| મગફળી | ૧૦૩૦ | ૧૩૫૧ |
| ઘઉં | ૪૭૬ | ૪૭૬ |
| તુવેર | ૧૪૦૧ | ૧૫૫૫ |
| શીંગ દાણા | ૧૩૭૦ | ૧૩૭૦ |
| અડદ | ૧૩૫૧ | ૧૩૫૧ |
| ધાણા | ૧૫૬૦ | ૧૯૧૯ |

### ખાંભા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૩૦૦ | ૧૬૦૦ |
| મગફળી | ૧૧૦૦ | ૧૩૫૨ |
| મગ | ૧૭૦૧ | ૧૭૦૧ |

### ભેંસાણ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૫૧ | ૧૬૧૧ |
| ઘઉં | ૪૨૬ | ૫૩૨ |
| ચણા | ૮૫૦ | ૧૦૪૦ |
| તુવેર | ૮૪૦ | ૧૪૨૦ |
| મગફળી | ૧૧૦૦ | ૧૫૫૨ |
| ધાણા | ૧૭૫૦ | ૧૯૦૦ |
| સોયાબીન | ૮૮૦ | ૧૦૧૦ |

### મહુવા

| | | |
|---|---|---|
| શીંગ ૩૨ | ૧૩૩૨ | ૧૪૧૯ |
| શીંગ ૩૯ | ૧૨૩૦ | ૧૪૦૦ |
| શીંગ જી-૨૦ | ૧૨૯૯ | ૧૫૩૬ |
| જુવાર | ૪૩૫ | ૯૭૦ |
| બાજરી | ૩૬૧ | ૫૨૨ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૦૧ |
| અડદ | ૧૧૮૫ | ૧૧૮૫ |
| મગ | ૬૧૫ | ૨૪૦૦ |
| સોયાબીન | ૧૦૭૮ | ૧૧૦૧ |
| તલ સફેદ | ૫૦૦ | ૨૦૪૦ |
| તલ કાળા | ૧૫૦૧ | ૪૧૦૧ |
| તુવેર | ૧૦૮૫ | ૧૫૦૦ |
| જીરૂ | ૨૪૦૧ | ૨૪૦૧ |
| કપાસ શંકર | ૮૪૨ | ૧૫૫૨ |
| નાળીયેર | ૩૩૦ | ૨૨૯૯ |

### જામનગર

| | | |
|---|---|---|
| જુવાર | ૮૦૦ | ૯૬૦ |
| ઘઉં | ૪૫૦ | ૫૨૧ |
| મગ | ૧૦૦૦ | ૧૬૫૦ |
| અડદ | ૧૧૦૦ | ૧૩૨૦ |
| તુવેર | ૧૧૦૦ | ૧૩૯૫ |
| ચોળી | ૪૦૦ | ૯૦૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૨૫ |
| સફેદ ચણા | ૧૦૦૦ | ૧૫૪૦ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૫૨૫ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૪૮૫ |
| મગફળી ૬૬ નં. | ૧૦૦૦ | ૧૬૬૫ |
| એરંડા | ૧૦૫૦ | ૧૨૬૦ |
| તલ | ૧૮૫૦ | ૧૮૭૫ |
| રાયડો | ૯૫૦ | ૧૨૬૧ |
| રાય | ૧૦૦૦ | ૧૪૨૦ |
| લસણ | ૮૯૦ | ૧૭૦૫ |
| કપાસ | ૧૩૦૦ | ૧૬૧૫ |
| જીરૂ | ૩૦૫૦ | ૪૫૦૫ |
| અજમો | ૧૭૦૦ | ૫૪૧૦ |
| અજમાની ભુસી | ૧૦૦ | ૨૫૦૦ |
| ધાણા | ૧૭૦૦ | ૨૧૦૫ |
| સોયાબીન | ૯૦૦ | ૧૦૫૧ |
| વટાણા | ૧૦૦૦ | ૧૧૦૦ |

### કોડીનાર

| | | |
|---|---|---|
| મગફળી જી-૨૦ | ૧૨૩૦ | ૧૫૨૧ |
| મગફળી ૩૨ નં. | ૧૨૦૦ | ૧૫૦૧ |
| બાજરી હાઈબ્રીડ | ૩૬૦ | ૫૭૪ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૪૨ |
| તુવેર | ૧૧૨૦ | ૧૬૩૬ |
| જુવાર | ૭૨૫ | ૧૦૯૬ |
| અડદ | ૮૦૦ | ૧૩૯૦ |
| ચણા | ૮૬૦ | ૧૦૨૫ |
| કાળા તલ | ૨૮૦૦ | ૫૧૨૦ |
| સોયાબીન | ૯૬૦ | ૧૦૭૪ |

....જીપ્સમ....
ખેતીની જમીન માટે
લુઝ ટ્રક લોડીંગ ચાલુ
૨૮ થી ૪૦ ટન સુધી
--:: સંપર્ક ::--
૯૪૨૬૯ ૮૯૫૭૬

# જિસ કા કોઈ નહીં ઉસ કા તો...



'ચાચા ભતીજા'માં શંકર બ્લેકમાં ટિકિટ વેચે છે

'લજ્જા'માં જાનકી નામની અભિનેત્રી રામ સામે પ્રશ્નો ઉઠાવે છે

'અબ ક્યા હોગા'માં નાયક અશ્રદ્ધાળુ છે પણ ફકીરને દાન આપે છે

'લવર બોય'માં તનુજા ઈન્દિરા ગાંધીને શ્રદ્ધાંજલિ આપતું ગીત ગાય છે

**વિચાર વલોણું**



જયવંત પંડ્યા

'જિસ કા કોઈ નહીં, ઉસ કા તો..' પછી શું આવે? એવો પ્રશ્ન પૂછાય તો મોટા ભાગના કહેશે 'ખુદા હૈ યારો'. આ આપણા મસ્તિષ્કમાં ફિટ કેવી રીતે થઈ ગયું? ૧૯૭૨ની 'ઝમીં આસમાન' નામની ફિલ્મમાં આ એજન્ડા નાખવામાં આવ્યો હતો. આ ફિલ્મમાં વાર્તા શું હતી? અશોકકુમાર પોતાની પત્ની ઈન્દ્રાણી મુખર્જીને બે બાળકો સહિત ત્યજી દે છે. ઈન્દ્રાણી મુખર્જીને આશ્રય આપે છે એક મુસ્લિમ મહિલા અચલા સચદેવ. અચલા સચદેવ પાસે એક અનાથ બાળક પણ આવે છે અને તે તેને ભોજન આપે છે ત્યારે કહે છે, જિસ કા કોઈ નહીં ઉસ કા ખુદા હોતા હૈ.

ભારતમાં અનેક મંદિરો, અનેક સેવા સંસ્થાઓ આજે પણ પ્રતિ દિન અનેક નિરાધારોને, નિર્ધનોને ભોજન કરાવે છે. ત્યારે તો આટલો કળિયુગ નહોતો તો શું તે વખતે ઈન્દ્રાણી મુખર્જી જેવી નિરાધાર સ્ત્રીને ભોજન કરાવનાર કોઈ સંસ્થા નહીં હોય? કોઈ આશ્રય આપનાર નહીં હોય? તે પછી ૧૯૮૧માં આવેલી 'લાવારિસ' ફિલ્મમાં પ્રકાશ મહેરાએ આ ગીત એક ફકીર પર ફિલ્માવ્યું છે. અને પછી રણવીરસિંહ કુંવરનો અનૌરસ દીકરો અમિતાભ (જે જાણે છે કે તે રણવીરસિંહનો દીકરો છે) તે આ ગીત ગાય છે.

ઈન્દ્રાણી મુખર્જીની એક ફિલ્મ હતી 'ચાચા ભતીજા'. તેના નિર્દેશક હતા મનમોહન દેસાઈ અને લેખક હતા સલીમ-જાવેદ. આ સલીમ-જાવેદે તે વખતે નિર્દેશકો પર શું ભુરકી છાંટી હતી તે તો રામ જાણે પણ નિર્દેશકો ન માત્ર તેમની લખેલી કથા, પટકથા, સંવાદ બધા પર અનુમતિ આપતા પણ કલાકાર તરીકે કોને લેવા અને કોને ન લેવા તે બધું માનતા. 'ચાચા ભતીજા'માં પણ એક ક્ષત્રિય રણવીરસિંહ તેજા (રહમાન)ની વાત છે. તેની પત્નીનું નામ સીતા (ઈન્દ્રાણી મુખર્જી) છે. રણવીરસિંહને તેનો કર્મચારી લક્ષ્મીદાસ મગજમાં ભરાવી દે છે કે સીતાને લફરું છે અને એટલે ગર્ભવતી હોવા છતાં સીતાને રણવીરસિંહ છોડી દે છે. બોલો ! આ કથા સાંભળી 'રામાયણ'ની પાછળથી ઉમેરાયેલી કહેવાતી (પ્રક્ષેપિત) કથા દર્શકના મનમાં જીવંત થાય કે નહીં? અને એટલે ભગવાન શ્રી રામ પ્રત્યે આદર અને ભક્તિના ભાવના બદલે ઘૃણાનો ભાવ આવે.

રાજકુમાર સંતોષીએ ૨૦૦૧માં આવેલી 'લજ્જા'માં તો ચોખ્ખું દર્શાવેલું અને તેમાં ત્રણેય પુરુષ પીડિત નાયિકાનાં નામો મા સીતા પરથી રાખેલા અને તેમાંય શ્રી રામલીલામાં સીતાજીનું પાત્ર ભજવતી જાનકી (માધુરી દીક્ષિત)ને સિગરેટ અને દારૂ પીતી, રસ્તા પર જાહેરમાં લઘુશંકા કરતી અને સીટી વગાડતી દેખાડી હતી. તેને તેનો પ્રેમી મનીષ લગ્ન પહેલાં ગર્ભવતી બનાવી દે છે અને પછી સ્વીકારતો નથી. આથી તે શ્રી રામલીલામાં સીતાજી તરીકે શ્રી રામનું પાત્ર ભજવી રહેલા મનીષ પર અંગત દાઝ ઉતારે છે, પરંતુ સંવાદો શ્રી રામ વિરુદ્ધ બોલે છે અને પછી હિન્દુવાદીઓ આક્રમણ કરે છે તેવું બતાવે છે. તમને ખબર છે કે મનીષને જાનકી વિરુદ્ધ કોણ ભડકાવે છે? નાટકનો નિર્માતા અને તેનું નામ શું છે? પુરુષોત્તમ ! પુરુષોત્તમની દુષ્ટ દૃષ્ટિ જાનકી પર હોય છે. તે પરણેલો હોવા છતાં જાનકીને પામવા ઈચ્છતો હોય છે. આથી તે મનીષને જાનકી વિરુદ્ધ ભડકાવી કહે છે કે જાનકીને કોના થકી સંતાન રહ્યું હોય તે કોને ખબર? બોલો !

આવું બીજા કોઈ પંથના આદરણીય પાત્રો સાથે થયું હોય તો? ઈશનિંદાના નામે આવા લોકોને જીવતા સળગાવી દે. પરંતુ હિન્દુઓ સહિષ્ણુ છે એટલે જ આવા પ્રયોગો ઉર્દૂવુડમાં થતા રહ્યા છે.

'ચાચા ભતીજા'માં સીતાના દિયરનું નામ હતું શંકર અને તે તેની મા સમાન ભાભીને કાઢી મૂકવા બદલ તેના ભાઈને ધિક્કારે છે. તે નાનપણમાં ઘરેથી ભાગી જાય છે. શંકર મોટો થઈને શું બને છે? સિનેમાની ટિકિટ બ્લેક કરનારો ગુંડો ! તે દારૂડિયો પણ છે અને તેને મોટો કોણ કરે છે? એક ખ્રિસ્તી દયાળુ મહિલા- મિસિસ ડી સિલ્વા ! સીતાને ઘરેથી કાઢી મૂકાતાં તે આત્મહત્યા કરવાની હોય છે. ત્યારે તેને કોણ બચાવે છે? એક અપંગ નિર્ધન ગુલ ખાન. બચાવતો જ નથી, તેને પોતાના ઘરે પણ રાખે છે.

ધર્મેન્દ્રએ 'રામ બલરામ' ફિલ્મમાં રામ નામનું પાત્ર ભજવ્યું હતું. અને તે ચોર-સ્મગલર છે ! જ્યારે તે તેના ભાઈ અને પોલીસ ઈન્સ્પેક્ટર બલરામ (અમિતાભ બચ્ચન)થી ભાગતો હોય છે ત્યારે એક સ્મગલર સુલેમાન તેની ગાડીમાં બેસે છે. રામ તેનું નામ જાણીને સામેથી 'સલામ વાલેકુમ' કહે છે ! સુલેમાન જ્યારે તેનું નામ પૂછે છે ત્યારે તે કહે છે, 'ખૂબ જ ફાલતુ નામ છે. ભોલારામ'. તે પોતાનું સાચું નામ નથી કહેતો કારણ કે તેણે નામ છુપાવીને કામ કરવાનું હોય છે. પણ રામને સ્મગલર બતાવવો, ભોલારામ જેવા સારા નામને ફાલતું નામ કહેવાનું. ઉર્દૂવુડનો આ એજન્ડા વર્ષો પછી સફળ થયો. હવે લોકો ભગવાન-ભગવતીનાં નામ પરથી નામ પાડતાં નથી. તેઓ સાચે જ ફાલતુ નામ રાખવા લાગ્યા છે, જેનો કોઈ અર્થ ન થતો હોય.

નામની વાત નીકળી છે તો એ જાણવું રસપ્રદ રહેશે કે ફિલ્મોના '૭૦-'૮૦ના જમાનાના મહા નાયક અમિતાભ બચ્ચનનું નામ મોટા ભાગે શું રહેતું હતું? વિજય. વિજય નામ કોનું સ્મરણ અપાવે છે? સંજયનું ને? સંજય ગાંધીનો બોલિવૂડ પર કેવો અંકુશ હતો તે કહેવાની આવશ્યકતા નથી. કટોકટી વખતે ચેરિટીના નામે તેમના સંકેત પર વી.સી. શુક્લ વગેરે શૉ કરાવતા હતા અને કિશોરકુમાર જેવા જે કલાકાર ના પાડે તેનાં ગીતો પર ઑલ ઈન્ડિયા રેડિયો પ્રતિબંધ મૂકતું હતું અને આવકવેરાના દરોડા પણ પડતા હતા.

જો અમિતાભના મોટા ભાગનાં પાત્રોનું નામ વિજય હતું તો શાહરુખ ખાનના મોટા ભાગના પાત્રનું નામ શું હતું? તમને તરત જ શાહરુખ ખાનનો સંવાદ યાદ આવશે, 'રાહુલ નામ તો યાદ હોગા.' કહેવાની આવશ્યકતા ખરી કે રોમાન્સના રાજા રાહુલનું પાત્ર કોંગ્રેસના કયા નેતાની સ્મૃતિ અપાવે છે?

> **લોકો હવે ઉર્દૂવુડના હિન્દુ વિરોધી એજન્ડા પ્રત્યે જાગૃત થયા છે. પરંતુ હજુ 'દીવાર' અને 'શોલે' જેવી એક-બે ફિલ્મની જ તેમને જાણ છે. જેમ-જેમ જૂની હિન્દી ફિલ્મ જોતા જઈએ છીએ તેમ-તેમ થાય છે કે પહેલાંની ફિલ્મમાં હિન્દુને અહિન્દુ બનાવવાનો કેવો-કેવો કારસો રચાયો હતો?**

માત્ર નામ જ શું કામ? ૧૯૮૫ની 'લવર બૉય'માં તો ઈન્દિરા ગાંધીને શ્રદ્ધાંજલિ આપતું ગીત પણ હતું. આ ફિલ્મ (નહેરુ, ઈન્દિરા કે કોઈ વિપક્ષી નેતાની કથા પર આધારિત) કોઈ ચરિત્રાત્મક ફિલ્મ નહોતી કે તેમાં એવું દૃશ્ય આવી શકે કે ભારતના વડાપ્રધાનની હત્યા થઈ ગઈ. તેમાં તો જોડિયા ભાઈઓ એક પૈસાદાર છોકરીના પ્રેમમાં પડે છે તેની વાર્તા હતી. પરંતુ ફિલ્મમાં એવું દૃશ્ય ઘૂસાડાયું હતું કે રાજીવ કપૂર છાપાં વેચતી વખતે હેડલાઈન બોલે છે કે ભારત કી પ્રધાન મંત્રી કી હત્યા. અને પછી તનુજા મધ્યમવર્ગીય બાળકો અને મોટા લોકોની ઉપસ્થિતિમાં ઈન્દિરાજીની શોકસભા રાખે છે. તેમાં ગીત ગાય છે-

લુટા દી તુને દેશ કે ખાતિર જાન
ખોકે તુઝે અનાથ હો ગયા, સારા હિન્દુસ્તાન
માં તુને ઈસ ચમન કો, અપને લહુ સે સિંચા
હોને દિયા કભી ના, સર ઈસ વતન કા નીચા

અને આ બધા શબ્દો વખતે ઈન્દિરા ગાંધીના સાચા ફૂટેજ એટલે કે તેમના જીવનની ઝરમર દર્શાવતાં દૃશ્યો- તેઓ વિદેશી રાષ્ટ્રાધ્યક્ષોને મળતા હોય, તેઓ આદિવાસી સ્ત્રીઓ સાથે નૃત્ય કરતા હોય તે દર્શાવવામાં આવ્યા હતા. આ દૃશ્યો સરકારે જ પૂરા પાડ્યા હોય કેમ કે તે વખતે કોઈ ખાનગી ચેનલ નહોતી. સોશિયલ મીડિયા પણ નહોતું કે તેમાં આ વીડિયો સર્ક્યુલેટ થયા હોય. ૧૯૮૮માં આવેલી 'કમાન્ડો' ફિલ્મમાં પણ ઈન્દિરા ગાંધી (આશા શર્માએ આ ભૂમિકા ભજવી હતી)ને ભાષણ કરતાં બતાવ્યા હતા. અને તેમના પર જીવલેણ આક્રમણ થાય છે, પરંતુ સતીશ કૌલ પોતે ગોળી ઝીલી બલિદાન આપી આક્રમણ નિષ્ફળ બનાવે છે.

ઈન્દિરાજી એક આદરણીય વડાપ્રધાન હતા, તેમાં ના નહીં અને એટલે આવા દૃશ્યો બતાવાય તેની સામે વાંધો નથી, પરંતુ અત્યારે 'ઍક્સિડેન્ટલ પ્રાઈમ મિનિસ્ટર' અને 'ઉરી: સર્જિકલ સ્ટ્રાઈક' જેવી ફિલ્મોને પણ જે ડાબેરી સમીક્ષાખોરો અને પત્રકારો, કલમઘસુઓ પ્રૉપેગેન્ડા ફિલ્મ કહે છે તે આ બધી ફિલ્મોની ક્યારેય વાત નથી કરતા. એમાં તાજો ઉમેરો એ.આર. રહેમાનનો પણ છે. તેણે 'છાવા' ફિલ્મને વિભાજનકારી ફિલ્મ કહી. બોલો ! આ ફિલ્મ છત્રપતિ સંભાજી મહારાજની યથાર્થ વાત કહેતી ફિલ્મ છે. ઔરંગઝેબ કોઈ મહાન નહોતો. તેની સાચી વાત કહેવી એટલે ફિલ્મ વિભાજનકારી થઈ ગઈ?

હિટલરને લગભગ મોટા ભાગની ભાષાની ફિલ્મોમાં ખલનાયક દર્શાવાયો છે. ભારતમાં તો કાદર ખાન, અસરાની, શક્તિ કપૂર જેવા અનેક ખલનાયકો અને કૉમેડી પાત્રોને હિટલર જેવા ખાસ દર્શાવવામાં આવતા હતા, જેથી લોકોના મનમાં હિટલરની ખરાબ છાપ બરાબર ફિટ થઈ જાય.

જર્મનોએ ક્યારેય હિટલરને ખરાબ દર્શાવતી ફિલ્મને 'ડિવિઝિવ' નથી કહી. જર્મનો સ્વીકારી ચૂક્યા છે કે હિટલર સારો નહોતો પરંતુ ભારતના એ.આર. રહેમાન અને અસદુદ્દીન ઓવૈસી જેવા અનેક મુસ્લિમો મળી આવશે જેમને હજુય આક્રાંતા અને અત્યાચારી, લફરાબાજ, ક્રૂર, પોતાના સગા ભાઈ-બહેનોની હત્યા કરનાર, દીકરીની સાથે લફરું કરનાર મોગલ શાસકોને જરા પણ ખરાબ દેખાડાય, તેની કબર તોડવાની વાત કરવામાં આવે કે તેના નામના રસ્તાનું નામ બદલાય તો તેમને મરચાં લાગે છે. પેટમાં બળતરા ઉપડે છે.

આવા લોકોને એ પણ વાંધો નથી હોતો કે જૂની અને અત્યારની ફિલ્મોમાં કેવો-કેવો એજન્ડા બતાવાયો છે? દા.ત. સાવનકુમાર ટાંકની એક ફિલ્મ હતી 'અબ ક્યા હોગા'. તેમાં હીરોનું નામ છે રામકુમાર સિંહા (શતૃઘ્નસિંહા). તેને તેની પત્ની ચિત્રલેખા (નીતુસિંહ) એક ભૂત લાગે છે. તેના ઘરમાં મંદિરમાં માત્ર એક જ મૂર્તિ છે- સાંઈ બાબાની. રામકુમાર સિંહાને ભૂતથી પીછો છોડાવવા તેના પરિવારજનો એક સંત પાસે લઈ જાય છે ત્યારે રામકુમાર સિંહા પરિવારજનોને કારમાં બેસાડી લઈ તો જાય છે, પરંતુ બહારથી કહી દે છે કે તેને આ બધામાં કોઈ શ્રદ્ધા નથી.

પરંતુ ત્યાં જ એક ફકીર (જાનકીદાસ) આવે છે. તે દાન માગે છે અને રામકુમાર સિંહા તેને દાન આપે છે. એટલે કે મોટા ભાગની ફિલ્મોમાં નાયકને અશ્રદ્ધાળુ (નાસ્તિક) અથવા તો હિન્દુ હોવા છતાં ઈસ્લામ/ક્રિશ્ચિયાનિટીમાં શ્રદ્ધા રાખતો બતાવ્યો. અને ખલનાયકોને ચુસ્ત હિન્દુ બતાવ્યા. તેઓ સદા તિલક કરે. વાતે-વાતે 'મા કાલી કી કસમ', 'ભવાની કી કસમ', 'હરે રામ' એવું બોલે અને પૂજા કરી પછી ઠંડા કલેજે હત્યા કરી નાખે અથવા તેની પાસે આશ્રય માગવા આવેલી નિરાધાર સ્ત્રી પર બળાત્કાર કરે. આ રીતે હિન્દુને માનસિક રીતે અહિન્દુ કરી દેવાયો.

શતૃઘ્નસિંહાની એક બીજી ફિલ્મ 'બુનિયાદ', જેનું, 'પુકારો મુઝે ફિર પુકારો' ગીત ઘણું લોકપ્રિય છે, તેમાં બલબીરકુમાર સિંહા (શતૃઘ્નસિંહા) શુદ્ધ હિન્દી બોલે છે, પરંતુ તેને હત્યારો બતાવાય છે. જ્યારે તેને કારાવાસ થાય છે ત્યારે તેની નાની બહેન મુન્ની નિરાશ્રિત રહી જાય છે. એવા સમયે તેને આશ્રય કોણ આપે છે? તમે બરાબર કળી ગયા. એક મુસ્લિમ. જેમણે બલબીરને સજા કરી હતી તે મુસ્લિમ ન્યાયાધીશ જ મુન્નીને ઉછેરે છે. અને તેમને મુસ્લિમ બતાવવા માટે 'દીવાર' કે 'અબ ક્યા હોગા'ની જેમ અશ્રદ્ધાળુ નહીં, ચુસ્ત નમાઝી બતાવાયા છે.

આ ફિલ્મમાં એક વેશ્યા (ફરયાલ)ને જ્યારે બલબીર નામ પૂછે છે ત્યારે તે પોતાનું નામ 'રાધા' કહે છે ત્યારે બલબીર શું કહે છે, જાણો છો? હું કન્હૈયા નથી. એટલે કે વેશ્યા રાધા તેને મદદના બદલામાં સહશયન કરવાનો પ્રસ્તાવ કરે છે ત્યારે તે કહે છે કે હું કંઈ કન્હૈયા જેવો નથી. વિચાર કરો, કૃષ્ણ ભગવાનની કેવી છાપ ફિલ્મોમાં ઊભી કરવામાં આવી? 'રેડી' ફિલ્મમાં અર્ધનગ્ન છોકરીઓ સાથે સલમાન ખાન ગીત ગાય છે, 'કુડિયોં કા નશા પ્યારે સબ સે નશીલા હૈ, જિસે દેખો યહાં વો હુશ્ન કી બારીશ મેં ગિલા હૈ, ઈશક કે નામ પર કરતે સભી અબ રાસલીલા હૈ, મૈં કરું તો સાલા, કેરેક્ટર ઢીલા હૈ'. રાસલીલા કોની સાથે જોડાયેલો શબ્દ છે?

તમને યાદ હોય તો છાપામાં પહેલાં ઠગાઈ કે ચોરીના સમાચારમાં ચોર કે ઠગને મિ. નટવરલાલ કહેવાતો. આવું કેમ બનેલું ખબર છે? 'મિ. નટવરલાલ' ફિલ્મ. અમિતાભના પાત્રનું નામ નટવરલાલ છે, જે એક ઠગ-ચોર છે. આ ફિલ્મમાં એક ગામડાના લોકો વાઘ અને સ્મગલર વિક્રમ (અમઝદ ખાન)થી ત્રસ્ત હોય છે. આથી ગામનો મુખિયા (કાદર ખાન) એક દરગાહ પર જઈને બંદગીસભર ગીત ગાવા લાગે છે- કયામત હૈ, કયામત હૈ, યે કૈસી ગમ કી શામ હૈ. અને ગામવાળા પણ હિન્દુ હોવા છતાં દુઆની સ્ટાઈલમાં ગાવા લાગે છે. જોકે એટલો વળી પાડ કે આ જ ફિલ્મમાં ગીત રખાયું હતું કે 'ઊંચી ઊંચી બાતોં સે કિસી કા પેટ ભરતા નહીં, રામ કા ભરોસા જિસે કભી ભૂખા મરતા નહીં'.

હિન્દુને હિન્દુ હોવા પ્રત્યે ઘૃણા ઉત્પન્ન કરતી આ બધી ફિલ્મો પ્રૉપેગેન્ડાવાળી કે ડિવિઝિવ નહોતી, એ તો બધી અત્યારે બની રહેલી ફિલ્મો જ છે. ■

jaywant.pandya@gmail.com

# ઇન્ડિયા, ધેટ ઈઝ ભારત...

**રાજકીય રસધાર**



પ્રવીણ માધાણી

પ્રાથમિક શાળાના અભ્યાસ દરમિયાન સ્વાતંત્ર્ય દિવસ અને ગણતંત્ર દિવસ વચ્ચેનો ફરક યાદ રાખવામાં ખુબ મુશ્કેલી પડતી. પંદરમી ઓગસ્ટે દેશ સ્વતંત્ર થયો હતો અને છવ્વીસમી જાન્યુઆરીએ દેશનું બંધારણ અમલમાં આવ્યું હતું, એવું યાદ કરાવડાવી દેવામાં આવતું હતું. બંધારણ ત્યારે અમારા માટે ગૂઢ શબ્દ અને ખ્યાલ હતો. દેશ ૧૫ ઓગસ્ટ,૧૯૪૭નાં રોજ સ્વતંત્ર થયો, દેશનું કોઈ બંધારણ ન હોવાથી દેશનું શાસન સુધારેલા વસાહતી કાયદા, ગવર્મેન્ટ ઓફ ઈન્ડિયા એક્ટ ૧૯૩૫ ને આધારે ચાલતું અને દેશ રાજા પંચમ જ્યોર્જનાં બ્રિટિશ આધિપત્ય તળે ગણાતો. આજે પણ દેશના ઘણા નેતાઓ ગોરી ચામડીના અહોભાવની આ માનસિકતામાંથી બહાર આવ્યા નથી. ૧૯૩૦માં ૨૬ જાન્યુઆરીના દિવસે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે 'પૂર્ણ સ્વરાજ'ની માંગણી કરી હતી. એ ૨૬ જાન્યુઆરીના દિવસ સંદર્ભે આ ૨૬ જાન્યુઆરીનો દિવસ પસંદ કરીને દેશે ૧૯૩૦ના પૂર્ણ સ્વરાજ દિવસને સન્માન આપ્યું છે. ભારતનું બંધારણ ઘડતા લગભગ ત્રણ વર્ષનો સમય લાગ્યો હતો. વિશ્વના તમામ લોકતાંત્રિક દેશોના બંધારણમાં ભારતનું બંધારણ બાવીસ ભાગ અને બાર અનુસૂચિમાં ફેલાયેલું સૌથી લાંબુ લેખિત બંધારણ છે. બંધારણ દેશનો સર્વોચ્ચ કાયદો છે. દેશના બધા કાયદાઓનો આત્મા બંધારણમાં વસે છે. દેશના અન્ય દરેક કાયદાની વ્યાખ્યા બંધારણના પ્રકાશમાં કરવામાં આવે છે. દેશના વડવાઓએ દેશ કઈ રીતે ચાલશે, ભાવિ પેઢીઓએ કઈ રીતે વર્તવાનું રહેશે એ લગભગ બધું બંધારણમાં નક્કી કરી આપ્યું છે. ત્યારબાદની રાજનીતિક પેઢીઓએ થોડા દેશ માટે અને વધુ પોતાના સ્વાર્થ માટે બંધારણમાં ફેરફારો કર્યા છે. ૨૬ જાન્યુઆરી ગણતંત્ર કે પ્રજાસત્તાક દિવસ છે. જે પ્રજાની પોતાની સત્તાની ઘોષણા કરે છે. ભારતનું બંધારણ ભારતના લોકોએ ઘડીને અંગીકૃત કરેલ છે. પોતાના કાયદાઓ કે નિયમો પોતે ઘડીને આત્મસાત કરેલ છે. એ નિયમો પાળવા ભારતનો દરેક નાગરિક બંધાયેલો છે. દેશની સંસદથી લઈને ગ્રામ પંચાયત બંધારણની છાયા હેઠળ ચાલે છે. ભારતનું બંધારણ આશરે દશ હજાર વર્ષથી ઉપખંડ પર ચાલતી આવતી વિવિધ શાસન પદ્ધતિઓને લોકતાંત્રિક સ્વરૂપમાં બદલવાનો એક સામાજિક દસ્તાવેજ છે. પ્રજાએ આદરેલ એક અદમ્ય સાહસ કે જેના દ્વારા ભૌગોલિક સ્વતંત્રતા બાદ આશરે ત્રણ વર્ષ પછી દેશમાં કાયદાકીય ચેતનાનું આરોપણ બંધારણ દ્વારા કરવામાં આવ્યું. વિશ્વના અનેક દેશોના બંધારણોમાંથી ઉત્તમ બાબતો જે ભારતની પ્રજા માટે કલ્યાણકારી હતી, એ આપણા બંધારણના ઘડવૈયાઓએ પોતાની ભાવિ પેઢીઓ માટે આદર્શ જીવનધોરણ અને સમર્થ રાષ્ટ્રધોરણ નિર્માણ કરવા સારું બંધારણમાં આવરી લીધું. જેઓ એમ કહેતા હતા કે અંગ્રેજોના ગયા બાદ ભારતનું પતન થઈ જશે, ભારત અનેક ટુકડાઓમાં વિભાજીત થઈ જશે, પ્રજાના અને સામાજિક, સંસ્કૃતિક જીવનના આટઆટલા વિરોધાભાસો અને વિવિધતાઓ વચ્ચે ભારત લોકતંત્ર પ્રસ્થાપિત કરવામાં સફળ નહિ રહે, એ બધાને ખોટા સાબિત કરીને ભારત આજે વિશ્વનો સૌથી મોટો લોકતાંત્રિક દેશ બની ચુક્યો છે. દેશના લીડરોને જ્યારે બહુમત હિંદુ મતોની દરકાર નહોતી અને લઘુમતીઓની ચિંતા માત્ર હતી ત્યારે દેશના સંવિધાનમાં દેશની વ્યાખ્યા બદલીને તેમાં સેક્યુલર અને સોશ્યલીસ્ટ શબ્દો ઉમેરવામાં આવ્યા. દેશની આ વ્યાખ્યા ઈન્દિરા ગાંધીએ ૧૯૭૫માં કટોકટી દરમિયાન બદલી હતી. જ્યારે આખો દેશ આપાતકાલમાં હતો ત્યારે રાતોરાત ધર્મનિરપેક્ષ અને સમાજવાદી બની ગયો. ભારતના લગભગ બધા પડોશી દેશોનો રાષ્ટ્રધર્મ છે. કોઈ બૌદ્ધ, કોઈ ઈસ્લામિક, કોઈ હિંદુ છે. આપણા દેશમાં ધર્મ એ વ્યક્તિગત બાબત છે, રાષ્ટ્રીય નથી. ત્યારબાદ આ બે શબ્દોની ઓથે જે કુત્સિત રાજકારણ ખેલવામાં આવ્યું, એના માઠા પરિણામ દેશે લાંબો સમય સુધી ભોગવ્યા છે, અને હજુ પણ ભોગવી રહ્યો છે. આવા સુંદર શબ્દોને રાજનેતાઓની હલકી રાજરમતે સસ્તા અને બદનામ બનાવી દીધા. આજે એ જ ઈન્દિરા ગાંધીના પક્ષના નેતાઓ હાથમાં બંધારણ હલાવતા હલાવતા એ જ તરેહની રાજનીતિ કરી રહ્યા છે. દેશમાં બંધારણનો હ્રાસ થઈ રહ્યો હોવાનો વિધવાવિલાપ કરી રહ્યા છે. પ્રાથમિકમાં જે બંધારણ શબ્દની વ્યાખ્યા અંગે જે અવઢવ કે અસમજણ હતી એ આજના નેતાઓએ ખ્યાલ સ્પષ્ટ કરી મુક્યો. જે લોકો વર્ષોથી પરિવારવાદના આધારે જ પોતાની રાજનીતિ ટકાવી ગયા છે, જ્યાં વર્ષોથી પરિવારમાંથી જ કોઈ પક્ષ સાંભળી રહ્યું છે, એ લોકશાહી મૂલ્યોની દુહાઈ આપી રહ્યા છે. અનેક અવરોધો બાવજૂદ ભારતનું લોકતાંત્રિક ટીમ્બર ઉતરોતર નીખરતા રહેવાનું પરિબળ ભારતની પ્રજાની પોતાના ગણતંત્રમાં આસ્થા છે. જેમ ભારતનો સરેરાશ નાગરિક ઈશ્વરમાં શ્રદ્ધા ધરાવે છે તેમ સમાંતરે દેશના લોકશાહી મૂલ્યો સુરક્ષિત અને અકબંધ હોવામાં પણ શ્રદ્ધા ધરાવે છે. જરૂર પડી ત્યારે દેશના નાગરિકે મતદાન નામના બ્રહ્માસ્ત્ર દ્વારા આ મૂલ્યોનું જતન કર્યું છે. જેઓને એમ હતું કે એમની સત્તા યાવદ્ચન્દ્રદિવાકરો છે, જેઓ પ્રજાને રૈયત ગણવા લાગ્યા હતા, જેઓ પરિવારને દેશથી મોટો સમજવા લાગ્યા હતા, એમને ગણતંત્રના ચિહ્ન, આંગળીના છેડે એક શાહીના કાળા ટપકા દ્વારા સત્તામાંથી ઉખાડી ફેંક્યા છે. પ્રજાસત્તાકમાં આખરી અવાજ પ્રજાનો રહે છે. જનતા પોતાનો શાસક નક્કી કરવા સ્વતંત્ર છે. દર પાંચ વર્ષે પ્રજાને ફેરવિચારણાની તક મળે છે. લોકતંત્રનું જતન કરીને ભારત આજે વિશ્વની સૌથી ઝડપથી આગળ વધતી અર્થવ્યવસ્થા છે, જ્યારે ભારતમાંથી જ ધર્મનું અફીણ ચાટીને અલગ થયેલ પાકિસ્તાન સરમુખત્યાર તાનાશાહી બનીને દશકો બાદ પણ સૌથી ગરીબ, પછાત, નિરક્ષર, વંચિત અને નિર્બળ પ્રજાવાળું બની ચૂક્યું છે. જે ધર્મના આધારે યુવાપેઢીનું બ્રેઈનવોશ કરીને આતંકવાદીઓ પેદા કરી રહ્યું છે.

ક્વિક નોટ - "અમે ભારતના લોકો, ભારતને એક સાર્વભૌમ, સમાજવાદી, પંથનિરપેક્ષ, લોકતંત્રાત્મક પ્રજાસત્તાક તરીકે સંસ્થાપિત કરી, તેના સમસ્ત નાગરિકો માટે સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય, વિચાર, અભિવ્યક્તિ, વિશ્વાસ, ધર્મ અને ઉપાસનાની સ્વતંત્રતા, પ્રતિષ્ઠા અને અવસરની સમાન પ્રાપ્તિ માટે, તથા તેમાં નિહિત વ્યક્તિની ગરિમા અને રાષ્ટ્રની એકતા અને અખંડિતતા સુનિશ્ચિત કરનાર ભ્રાતૃભાવ વિકસાવવાનો નિષ્ઠાપૂર્વકનો સંકલ્પ વ્યક્ત કરી આ બંધારણ સભામાં આજે તારીખ ૨૬-૧૧-૧૯૪૯ ના રોજ અંગીકૃત કરીએ છીએ." ■ production@infiniumpharmachem.com

# જીવનની ઓળખ કઈ છે?

**હાસ્યાય નમ:**



ડો. પ્રકાશ દવે
૯૫૭૪૩૭૪૪૫૩

(૧) સુથારનું મન બાવળીએ તો કુંવારાનું મન?
રક્ષિત વોરા ક્ષિતિજ (ગાંધીનગર)
મોબાઈલે.

(૨)ડાઈનિંગ ટેબલ પર બેસીને જમવા અને નીચે બેસીને જમવામાં શું ફરક?
રાજેશભાઈ ડણાંક (અમરેલી)
ડાઈનિંગ ટેબલ પર જમવાથી મોઢામાંથી ખાધેલું રિટર્ન થાય એ ખોળામાં પડવાના બદલે ટેબલ પર પડે.

(૩) 'ઊડી ઊડી રે પતંગ'ને બદલે ગીતકારે 'ચલી ચલી રે પતંગ' શબ્દ કેમ લખ્યો હશે?
યોગેશભાઈ આર જોશી (હાલોલ જિ.પંચમહાલ)
માણસ ચાલતો હોવા છતાં ગીતકારે ઊડતો બતાવ્યો જ છેને.. આસમાન પે ઉડને વાલે મિટ્ટી મેં મિલ જાયેંગે!

(૪) પ્રાર્થના એ આત્માનો ખોરાક છે તો આત્મા એ શું છે?
જય દવે (ભાવનગર)
પરમાત્મા.

(૫) ઉત્તરાયણે કેટલી પતંગ લૂંટી?
રામભાઈ પટેલ (સુરત)
એક લૂંટવાની તૈયારીમાં હતો ત્યાં નીચેથી જમવા બોલાવવા આવ્યા!

(૬) તમને વિદેશ જવા માટે પુતિન અને ટ્રમ્પની ઑફર આવે તો કોની સ્વીકારો?
રાજુ એન. જોષી ધરાઈ(બાલમુકુંદ)
વિદેશ જવાની કોઈ ઓફર ન સ્વીકારવી એવો મારો અફર નિર્ણય છે.

(૭) પુરુષ કોઈ સ્ત્રીને કેવા ભાવથી જૂએ છે એ ડિટેક્ટ કરતું ગેજેટ પણ શોધાયું છે. હવે પુરુષને કેવી રીતે બચવાનું? કનુભાઈ પરમાર (દામનગર)
તમે તો ખબર નહોતી એને પણ ખબર પાડી!

(૮) જીવનની ઓળખ કઈ છે?
હરેશભાઈ મકનભાઈ કાવઠિયા (નવા ઉજળા)
હિન્દી ફિલ્મના વિલનની.

(૯) સાહેબ..! કંટાળો આવે ત્યારે શું કરવું જોઈએ..?
ધોરાજીયા ઘનશ્યામ એન. (સાજણટીંબા)
આ કોલમ વાંચવી.

(૧૦) હાસ્યાય નમઃ કોલમની શરૂઆત ક્યારે થઈ?
ધોરાજીયા કેવિન ઘનશ્યામ (સાજણટીંબા હાલ કેનેડા)
તમે આ કોલમનો ૩૧૫ મો હપ્તો વાંચી રહ્યા છો.

(૧૧) જીવનમાં આનંદ ક્યારે આવે?
ધોરાજીયા ચંદ્રકાન્ત એન. (સાજણટીંબા)
જિંદગીમાં ખુશી આવે ત્યારે.

(૧૨) કહેવત છે કે બાર વરસે બાવો બોલ્યો. તો એ શું બોલતો હશે?
જીગર યાદવ (ગુરુ) (દાત્રાણા-પાટણ)
કોઈક મને સાંભળો તો ખરા!

(૧૩) છાપા, પુસ્તકની લાઈબ્રેરી હોય તેમ મોબાઈલની લાઈબ્રેરી હોય તો?
રતીલાલ ડાભી (લીલીયા મોટા)
લાઈબ્રેરીમાં નકરી રિંગ જ વાગ્યા કરે!

(૧૪) પહેલાના સમયમાં બહુ કામ કરતા હતા તો પણ લોકોને પગ ના દુઃખતા તો હવે શા માટે દુઃખવા લાગ્યા છે?
માહીબેન ડણાક (અમરેલી)
તમને કેમ ખબર કે પહેલા લોકોના પગ ન દુઃખતા?!

(૧૫) મોટા શહેરોમાં પાર્કિંગ કેમ મળતું નથી?
જયશ્રીબેન બી. મહેતા (કોટડાપીઠા)
મને તો કોટડાપીઠામાં પણ નહોતું મળ્યું! ■

**નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..**

# જે પ્રજાને પોતાની સત્તાની કિંમત હોય એ દેશ આખરે જીતે છે

સપ્તરંગ
દિલીપ ભટ્ટાચાર્ય



આપણે ૨૬મી જાન્યુઆરીને પ્રજાસત્તાક દિન તરીકે ઉજવીએ છીએ અને એવું માનીએ છીએ કે ભારતમાં રાષ્ટ્રભાવના હજુ જળવાયેલી છે. પ્રજાસત્તાકનો મૂળભૂત અર્થ એ છે કે પ્રજાએ પોતે પસંદ કરેલા લોકો દ્વારા ચાલતું એક પ્રકારનું શાસન. અબ્રાહમ લિંકન સહિતના મહાપુરુષોએ લોકશાહીની અનેક રીતે વ્યાખ્યાઓ કરી છે. આમ તો લોકશાહીની પરંપરા પશ્ચિમમાં છેક રોમન સામ્રાજ્યથી ચાલી આવે છે અને ભારતમાં રામાયણ અને મહાભારત કાળમાં પણ રાજાઓના દરબારમાં પ્રજાના અવાજનું ખૂબ જ મહત્ત્વ હતું. ભારતીય સંસ્કૃતિનો ઈતિહાસ પ્રજા પ્રત્યેના રાજાઓના પ્રેમથી છલકાયેલો છે તો પણ રાજાશાહીની ઘણી મર્યાદાઓ હતી. મધ્યયુગમાં રાજાશાહીની એ મર્યાદાઓએ જ પ્રજાને પીડા આપવાની શરૂઆત કરી હતી જેને કારણે એ યુગને અંધકાર યુગ પણ કહેવાય છે. પ્રજાસત્તાકનો એક અર્થ એ પણ છે કે પોતાની સત્તા છે એમ માનીને પ્રજા જાહેરજીવનમાં સદ્વર્તન કરે. કારણ કે પોતાનું જ રાજ્ય હોય અને પોતે પસંદ કરેલા લોકો સત્તા ઉપર હોય, વળી એવા લોકો કે જેઓ રાજવંશીય પરંપરામાંથી નહીં પરંતુ સામાન્ય પ્રજામાંથી આવેલા હોય, તો તેઓના શાસન દરમિયાન પ્રજાની જવાબદારી વધી જાય છે. પરંતુ આઝાદી પછી થોડા વર્ષો સુધી આ ક્રમ ચાલ્યો, પછી તો ભારતમાં નેતાઓની એક આખી વિચિત્ર પ્રકારની ફોજ અસ્તિત્વમાં આવી. જવાહરલાલ નહેરુ વડાપ્રધાન હતા ત્યારથી જ સત્તાનો દુરુપયોગ કરનારા નેતાઓ જોવા મળ્યા. ઈન્દિરા તેઓ એક ધોરિયો પોતાના ઘર તરફ વાળી લે છે.

જો કે બે નંબરના પૈસાથી કોઈ સરવાળે સુખી થયું નથી. સુખનો રોટલો તો આજે પણ નીતિમત્તાવાળા એટલે કે એક નંબરના પૈસામાં જ છે. બે નંબરનો પૈસો આંખો અંજાઈ જાય એવી ચમક લઈને આવે છે, પરંતુ એ જયારે જાય છે ત્યારે જાતકને ઘોર અંધારામાં મૂકતો જાય છે અનેક ભ્રષ્ટાચારી લોકોના ઘરમાં આવા અંધારાઓ પ્રવેશી ગયેલા છે. નીતિના રોટલાની મીઠાશ સાથે, અનીતિનો પૈસો કદી પણ સ્પર્ધા કરી શકે નહીં. તો પણ આ પ્રજાસત્તાક ભારતમાં હજુ આજે પણ બે નંબરના પૈસા બનાવવાની રેસમાં બહુ બધા લોકો જોવા મળે છે. વળી નવાઈની વાત તો એ છે કે પોતાની બે ચાર પેઢી માટેનો રૂપિયો ભેગો કરવો એ તો ગુજરાતી પ્રજાની તાકાતની વાત છે. પોતાની ઉત્તમ બુદ્ધિ અને શાંતિવાળો ક્લેશવિહિન પરિવાર અને સખત પરિશ્રમના સંસ્કારો હોય તો એવો ગુજરાતી પોતાની તાકાતથી નીતિપૂર્વક અઢળક ધન ભેગું કરી લે છે ને એવું ઈતિહાસમાં વારંવાર જોવા મળે છે. પરંતુ રાજકારણના ક્ષેત્રમાં જે લોકો ભ્રષ્ટાચાર આચરે છે એમની ધનસંપત્તિ પછીની બેત્રણ પેઢીમાં ધોવાઈ જાય છે. કડવું છે પણ સત્ય છે.

ભારતને આઝાદી મળી પછી રાષ્ટ્રીયતાના જે સંસ્કાર આપણા હૃદયમાં મજબૂત થવા જોઈએ તે હજુ થયા નથી. ભારતીય નાગરિક જીવનનો આ સૌથી મોટો વિષાદયોગ છે. આપણી રાષ્ટ્રીયતા માત્ર ભાષામાં, ભાષણોમાં અને બહુ બહુ તો ઓટલે બેઠા થતી ચર્ચાઓમાં રઝળતી જોવા મળે છે. એ હજુ આપણા પોતાનામાં સાષ્ટાંગ અવતરી નથી. રસ્તા પર આડેધડ વાહન ચલાવવાથી શરૂ કરીને આપણી વ્યક્તિગત જાહેર જીવનની ટેવો-કુટેવો સતત એક-બીજાની નજરમાં ચડે છે, પરંતુ જેઓ ભૂલો કરનારા છે તેઓ અને જે દ્રષ્ટા છે તેઓ બંનેમાં એક જ સરખા લક્ષણો છે, એટલે કોણ કોને શું કહે? સંતાનોને મેડિકલમાં એડમિશન મળે એ માટેની ટકાવારી વધારવા આપણા દેશના નાગરિકો શું પ્રવૃત્તિઓ કરે છે તેનો ઈતિહાસ બિહાર અને મધ્ય પ્રદેશના પરીક્ષા કેન્દ્રોની બહારની દીવાલે લખાયેલો છે. સંસ્કારિતામાં આવડાં મોટાં ગાબડાં હોય એવો ભારતીય સમાજ વિકાસના નામે આગળ તો વધી રહ્યો છે, પરંતુ એ ક્યાં પહોંચશે એ નક્કી નથી.

નવી પેઢીના યુવાનો હજુ ધૂમબાઈકમાંથી નવરા થયા નથી. તેઓ આ દેશને શું કામમાં આવશે? તેમાંના ઘણા તો અત્યારે તેમના પરિવાર માટે જ એક સંકટ છે. ભારતીય પ્રજા છેલ્લા બે દાયકાથી મનોરંજનની મહેફિલોમાં ગળાડૂબ છે. આજકાલની મંદીનું એક કારણ એ પણ છે. મનોરંજન એક નશો છે. પોકેટ થિયેટર જેવો મોબાઈલ ફોન હાથમાં આવી ગયા પછી નવી પેઢી પોતાની એક અલગ દુનિયામાં સ્વૈરવિહાર કરવા લાગી છે. દરેક વ્યક્તિ ધીરે ધીરે એક ટાપુ બની ગઈ છે. સૌને પોતાની દુનિયામાં ખોવાઈ જવું ગમે છે. આ એક વિનાશનો માર્ગ છે. એક પરિવારમાં જો ચાર-પાંચ ટાપુ હોય તો નક્કી જ છે કે એ ટાપુઓ પર સમયસમુદ્રના જળ ગમે ત્યારે ફરી વળવાના છે. ૧૫ મી ઓગસ્ટ ૧૯૪૭ના દિવસે ભારત આઝાદ થયું ત્યારે રાષ્ટ્રધ્વજ પહેલીવાર ધ્વજદંડ પર જે રીતે ઊંચે આકાશે ચડ્યો અને એના અનુભવમાં તત્કાલીન સમાજના કરોડો ભારતીયોના હૃદય પણ જે ઉમંગથી આસમાનમાં વિહાર કરવા લાગ્યા તે પરમ મંગલ ક્ષણથી આજનો ભારતીય સમાજ ઘણો દૂર નીકળી ગયો છે.

એ જ કારણ છે કે દરેક પરિવારના પ્રશ્નો જેમ જેમ સમય આગળ જાય છે તેમ તેમ વધતા જાય છે. વિદ્વાનોની એક માન્યતા છે કે કુદરત પૃથ્વી પર પહેલા સમાધાન મોકલે છે અને પછી સમસ્યા મોકલે છે. એ જ તો કારણ છે કે આ બ્રહ્માંડમાં માત્ર પૃથ્વી પર જ જીવ સૃષ્ટિ અને તેની સર્વશ્રેષ્ઠ ફલશ્રુતિ રૂપે માનવ સૃષ્ટિ અસ્તિત્વમાં આવી છે. પરંતુ સમસ્યાથી સમાધાન સુધી પહોંચવાનો રાજમાર્ગ બધાને સુલભ હોતો નથી કારણ કે એ યાત્રા કરવા માટેની શિસ્ત, ક્ષમતા, યોગ્યતા અને વિશ્વાસ દરેક દેશની પ્રજામાં હોતા નથી. છતાં ભારતીય સભ્યતા અને સંસ્કૃતિ દુનિયાના અન્ય તમામ દેશો કરતા એક વેંત ઊંચી છે.

ભારતના પ્રથમ અવકાશયાત્રી રાકેશ શર્મા અંતરિક્ષમાં ગયા ત્યારે તત્કાલીન વડાપ્રધાન ઈન્દિરાજીએ એને પૂછ્યું હતું કે અચ્છા રાકેશ યે બતાઓ કિ વહાઁ સે હમારા હિન્દુસ્તાન કૈસા લગતા હૈ? ત્યારે રાકેશે કહ્યું હતું કે સારે જહાં સે અચ્છા હિન્દુસ્તાઁ હમારા.... આ વાત માત્ર આટલા શબ્દો પૂરતી સીમિત નથી. એનો ગહન અર્થ છે અને એ અર્થને સાર્થક કરવાની જવાબદારી માત્ર હિન્દુસ્તાનના નેતાઓની નથી, ભારતીય પ્રજાની પોતાની છે.

આપણે મનગમતી ફિલ્મ માટે દાયકાઓ સુધી બ્લેકમાં ટિકિટ ખરીદી છે અને હજુ આજેય દક્ષિણ ભારતમાં ખરીદીએ છીએ. બેવકૂફ અભિનેતા અને અભિનેત્રીઓ આપણા યુવક અને યુવતીઓના આદર્શ છે, રોલ મોડેલ છે. ઠોઠ લોકો પણ સ્ટાઈલિશ દેખાવા મથે છે. તેમને સારા દેખાવામાં રસ છે, સારા હોવામાં રસ નથી. આપણે એક સામાન્ય દાખલો મેળવવા માટે સરકારી કાર્યાલયમાં વધારાના પૈસા પણ આપીએ છીએ. આપણે ગમે તેટલું ભણેલા છીએ તો પણ ટ્રાફિક પોલીસની પકડમાંથી છટકવા માટે ખિસ્સામાંથી એકાદ નોટ સરકવા દઈએ છીએ. આપણે આગળ નીકળી જવા માટે ગમે ત્યારે આપણા વાહનો રોંગ સાઈડમાં કે ફૂટપાથ પર પણ ચડાવી દઈએ છીએ. બે નંબરના ભ્રષ્ટ આચરણથી ઘરમાં આવેલા નાણાં જોઈને આપણા દેશની માનવંતી ગૃહિણીઓના ચહેરા પર અજાયબ સ્મિત ફરકે છે. એ સ્મિત કૈકેયી, મંથરા કે આમ્રપાલી જેવું છે.

આ બધા જ આપણા પોતાના વિનાશના રાજમાર્ગો છે. જે આપણે પસંદ કરેલા છે. તમારી પસંદગીઓ જ તમારું ભવિષ્ય નક્કી કરે છે. પ્રજાને ખોટા રસ્તેથી પાછી વાળવી એ તો મહાપુરુષોનું અથવા સમાજમાં અત્ર તત્ર ફેલાયેલા અનામી સત્પુરુષોનું કામ છે. આવા સત્પુરુષોમાં સર્વપ્રથમ શિક્ષક આવે છે. આપણા શિક્ષકોને હમણાં તેમના સારા પગારના વળતરમાં તેઓ જે સેવા આપે છે એ માટે હાજરી પુરવાના મશીનો (બાયોમેટ્રિક) સન્મુખ અંગુઠાનો ઓર્ડર થયેલો છે. પણ તેનું પાલન થતું નથી. ■

# ચંદ્રકાન્તભાઈને ત્યાં પહોંચે એ પહેલાં જ સુખરામ ટપાલીએ બે કાગળ આપ્યા



## રાગ - વૈરાગ - ૭

લઘુનવલકથા

યોગેશ પંડયા

સવાર પડી. સૂર્યનારાયણ રાશવા ઊંચે ચડી ગયા. આનંદ ઊઠી ગયો. આજે ઘણું મોડું થઈ ગયું હતું. કાલનો થાક લાગ્યો હતો. પિંડીઓમાં કળતર થતું હતું. છતાં વાડીએ ફરવા જવાથી શરીરમાં સ્ફૂર્તિ આવી ગઈ હતી. આનંદ નાહી, પૂજાપાઠ કરી, તૈયાર થઈ મેડીથી નીચે ઊતરતાં ઊતરતાં રૂપાને કહેતો ગયો, 'અત્યારે ચંદુભાઈને ત્યાં જાઉં છું, ત્યાંથી જ નિશાળે નીકળી જઈશ. તું ઘર બંધ કરીને જજે.' કહીને નીકળ્યો. બરાબર એ જ વખતે અરજણ પૂનમચંદની હાટડી બાજુ નીકળ્યો કે પૂનમચંદે તેને ઉમળકાભેર આવકાર્યો, 'આવ, આવ, અરજણ આવ. આમ ઘણા દિવસે? કેમ દેખાતો નથી ભલા માણસ?'

'હમણાં કામમાં પડયો છું, કાકા.''

''તારે ને કામને શી લેવાદેવા? જેમલો સાથી છેને?'

'ઈ તો ઠીક, પણ ધ્યાન તો રાખવું જોઈએને?'

'ધ્યાન? ધ્યાન તો હવે ગામમાં આવેતુંનું રાખવું પડશે.'

'કોણ આવેતું?'

''ગામમાં રહે છે ને ખબર નથી?'

'ના..' 'ત્યારે તો તું સાવ કાચો. તારી જ આગલી શેરીમાં નથી આવ્યો ઈવડો ઈ માસ્તર?' 'હા, ઈ વાત સાચી.'

'ખબર છેને?' 'હા કાકા, બધી જ ખબર છે.' 'મારો બેટો લખણનો સાવ ખોટો છે.' 'હલકો છે, હલકો.'

'ત્યારે શું? ઓલ્યા ચંદુમાસ્તરના ઘરે બહુ હળી ગયો છે એની છોડી.'

'કાકા, ચંદુમાસ્તરની છોડીની ક્યાં વાત કરો છો? આ મારા ભઈજીનું સંભાળોને. ઓલી રૂપલીને પડખામાં ઘાલી છે.'

'ખરેખર?'

'બાપના સમ.'

'ખાશે કો'કના હાથનો.'

'કો'કને ક્યાં લેવા જાવા છે? હું છુંને મોકો જ ગોતું છું. જોઉ ઈ ભેળો ટાંટિયા જ ભાંગી નાખવાનો છું.'

'હોય કાંઈ? કાંઈ એવું જોયું તેં?'

''મારા બેટા કાલે બપોરે હું વાડીઓથી આવતો'તો ને ઈ બેય જાણે ધણી-ધણિયાણી ન હોય એમ એકબીજાની અડોઅડ હાલ્યાં આવતાં'તાં, આવી જુવાની હોય, સૂમસામ મારગ હોય, આવી જુવાન છોડી હોય પછી બાકી શું રહે? બોલો કાકા બોલો, એ માસ્તરને તો આકડે મધને એ પણ માખી વગરનું, એના જેવી વાત છે.'

'તેં ટપાર્યાં નહીં? અરે, તારા ભઈજીને વાત તો કર્ય કે આમ જુવાન છોકરા હાર્યે એકલી છોડીને ના ગૂડે.'

'ઈની ક્યાં આંખ્ય ઊઘડે છે? પણ ઈ માસ્તર કાંઈક કાળો કામો કરશે ને પછી બધું વાજતુ-ગાજતું માંડવે આવશે.'

'હું તો ઈ માસ્તરનાં પગલાંથી જ કળી ગયો'તો કે ઈ લખણનો ખોટો છે.'

'ઘામાં આવે એટલી વાર છે. પતાવી દેવાનો છું.''

'કો'ક સાહેબ આવ્યો'તો ઈ એનો ઓળખીતો છે.'

'ઈની ફિશિયારી ઈના ગામ હાલે.'

'પણ બસ ચાલુ કરાવવાની બહુ માથાકૂટ કરે છે. મેં પૂછ્યું ત્યારે મને કે'તો તો કે બસ ચાલુ થવાની જ છે.'

'એ તો એના ફિતર. ડોઢો ખરોને? ઈનું ક્યાં કાંઈ હાલે?'

'મને તો આ ગમતો જ નથી.'

'દુકાનનું પગથિયું જ ચડવા ન દેશો.' અરજણને બોલવું અને આનંદને ત્યાંથી નીકળવું, અરજણ પહેલા તો ધ્રુજી ગયો, પણ પછી રાક્ષસી ખુન્નસ તેના તનબદનમાં ભરાઈ આવ્યું. એણે આનંદ ભણી તીખી નજરે જોયું. આનંદ એને ઓળખી ગયો. અમથોય આનંદ, ગામના ચારપાંચ ચૌદસિયા હતા એની સાથે ક્યારેય વાતેય નહોતો કરતો. એણે અછડતી નજરે અરજણ ભણી જોયું. અરજણ મૂછો મરડતો હતો. આનંદ ત્યાં ઊભો રહેવાને બદલે ચાલતો થયો. પૂનમચંદે હસીને તેને બોલાવ્યો.

આનંદે પાછું વળીને જોયું ન જોયું કરીને પગલાં ઉપાડયા. પૂનમચંદ મોંઘમ હસ્યો, 'અરજણ, તારાથી ઈ બી ગયો હોય.'

'ઈને હજી તો છઠ્ઠીનું ધાવણ ઓકાવી દેવાનો છું.' આનંદ સાંભળી ન જાય એટલે જ એ ધીરેથી બોલ્યો. જોકે આનંદ ઘણો આઘે પહોંચી ગયો હતો.

ચંદ્રકાન્તભાઈને ત્યાં પહોંચે એ પહેલાં જ સુખરામ ટપાલીએ બે કાગળ આપ્યા. ઉત્કંઠાથી જોયું, પિતાજીના અક્ષર તો ઓળખાઈ ગયા. બીજી ટપાલ હર્ષદની હતી. ટપાલ ખિસ્સામાં મૂકી ચંદુભાઈના ઘરમાં પ્રવેશ્યો. તે જરાક આગળ વધ્યો કે એક યુવતી ઓસરીમાં આવતાં ટહુકી ઊઠી, 'વેલકમ આનંદબાબુ.' એની ઉંમર ઓગણીસેકની લાગતી હતી. દેખાવમાં સુડોળ, ઘઉંવર્ણો વાન. આનંદને આશ્ચર્ય થયું કે અજાણી યુવતી પોતાને નામ દઈને બોલાવે છે, પણ તેના ચહેરાની સળ ઉકેલતાં વાર ન લાગી. કદાચ તે ચંદ્રકાન્તભાઈની દીકરી જ હોવી જોઈએ. આનંદ જોકે ત્યાં જ ઊભો રહી ગયો.

'આવો, આવો, ત્યાં કેમ ઊભા રહી ગયા?'

'સાહેબ નથી?' 'હમણાં જ આવશે.?' 'તો પછી.'

'તમે મને ન ઓળખી?' 'તમે શ્વેતા?' 'કરેક્ટ. તમે એકદમ સાચા છો.'

''સાહેબ ઘણીવાર તમારો ઉલ્લેખ કરતા હોય એટલે અનુમાન કર્યું.'

'આપનું અનુમાન કાબિલેતારીફ છે. આવો, આવો, મોસ્ટ વેલકમ.' આનંદ અંદર આવ્યો ને ખુરશી પર બેઠો.

'ક્યારે આવ્યા?'

'કાલે.''કોલેજમાં રજાઓ પડી ગઈ કે શું?'

'રજા જેવું જ હોય. ભણવું છે કોને?'

'ઓહ!' 'સિન્સિયર વિદ્યાર્થીઓ જ ભણે.' 'અચ્છા તમારી સ્ટડી કેમ ચાલે છે?' 'ચાલ્યા કરે છે.' 'સેકન્ડ યરમાં જ છોને તમે તો?'

'યસ. 'મેઈન સબ્જેક્ટ સાઈકોલોજી.' 'સરસ.' 'તમે ક્યાં સુધી ભણ્યા આનંદબાબુ?'

'મેટ્રિક પાસ થઈ પીટીસી કર્યું.' 'આગળ ભણવાનો વિચાર નથી?'

'હવે શું? બધું પૂરું થઈ ગયું.' 'કેમ હવે શું? હજી તો તમારી ઉંમર છે. કહી તેણે પગ લાંબા કર્યા. આંગળા આનંદના પગને સ્પર્શ્યા.

''કેટલા વર્ષ થયાં? તે બોલી.' 'વીસ રનિંગ.' 'તો જિંદગી ગામડામાં કાઢવી છે?' 'કાઢવી પણ પડે.'

'ના, બાબા ના! હું તો બે-પાંચ દિવસ આવું છું તોય કંટાળી જાઉં છું. મને તો અન્કલને ત્યાં જ ફાવે. અંકલ ભાવનગર જ રહે છે. જોકે હું તો લેડીઝ હોસ્ટેલમાં જ રહું છું. આવા ગામમાં વેકેશન કેમ નીકળે? કેવા ઓર્થોડક્સ માણસો? તમને કેમ ફાવે છે એ જ ખબર નથી પડતી.'

'મને પણ પહેલાં એમ જ હતું, પણ અહીં આવ્યા પછી ગામડા વિષેના ખ્યાલ તદ્દન બદલાઈ ગયા છે. અહીંયાં જે કંઈ પ્રાપ્ત થાય છે તે શહેરના પરિવેશ, વાતાવરણ કે કહેવાતી સોસાયટીમાંથી પ્રાપ્ત થતું નથી, શ્વેતા.'

'શું પ્રાપ્ત થાય છે અહીં? દવાખાનું છે? સારી હાઈસ્કૂલ છે? એક ટાઈમ બસ પણ નથી આવતી. કોઈ કોમ્યુનિકેશન નથી કે નથી કોઈ સંદેશવ્યવહારની સુવિધા. ટપાલ લખીએ તોય એ દસબાર દિવસે મળે. હું તો પપ્પાને કહી કહીને થાકી કે કોઈ સિટીમાં સેટ થઈ જાઓ અને દિગુનું ભણતર સુધારો, પણ તમારી જેમ એમનેય કોણ જાણે આ ગામ સાથે શી માયા બંધાઈ ગઈ છે તે ખબર જ નથી પડતી.' કહેતાં તે ઊભી થઈ, 'લ્યો હું ચા બનાવું છું. પીઓ છોને?'

'અરે એવી કોઈ માથાકૂટ ન કરશો. હું આ ચાલ્યો.' 'અરે, એમ તે કંઈ હોય? પપ્પા મને વઢશે. પ્લીઝ તમે બેસો. વાર નહીં લાગે. પપ્પા પણ હમણાં જ આવશે.'

આનંદ હસીને બેસી પડયો. શ્વેતા ચા બનાવવા ગઈ. આનંદને ટપાલ યાદ આવી ગઈ. તેણે પહેલા પિતાજીની ટપાલ વાંચવી શરૂ કરી. લખ્યું હતું. બે દિવસ પછી બળેવ આવે છે. તું રજામાં વહેલો આવી જજે. તારી બા લખાવે છે. ઘરની યાદે આનંદ વિહ્વળ બન્યો. બા ખરેખર ચાતકની જેમ રાહ જોતી હશે. શનિ- રવિની રજામાં નીકળી ગયો હોત તો જઈ શકાત. ભારે હૈયે પિતાજીની ટપાલ ફરી વાંચી. લખ્યું હતું : ગયા શનિ-રવિમાં તારી ખૂબ રાહ જોઈ. તારી તબિયત તો સારી છેને ભાઈ? તું રજાઓમાં તો આવીશને? આનંદથી વધારે વાંચી ન શકાયું. હૈયાના અતળ ઊંડાણમાંથી ધક્કો લાગ્યો અને એક-બે આંસુ ઊભરાઈ આવ્યા. તેણે એ ભીનાશ લૂછી નાખી અને ટપાલ ખિસ્સામાં મૂકી દીધી. હર્ષદે લખ્યું હતું : બારમામાં પાંસઠ ટકા જેવું આવ્યું છે. હું કોઈ યુનિવર્સિટીમાં એક્સ્ટર્નલ વિદ્યાર્થી તરીકે જોડાઈને ગ્રેજ્યુએટ થવા માંગુ છું. તું પણ મારી સાથે જ જોડાય એવું ઈચ્છું છું. નોકરીની, ગામની અને શાળાની ઘણી બધી ખટ્ટી-મીઠ્ઠી વાત કરવી છે, પણ એ તો રૂબરૂ જ. - તારો હર્ષદ.

પત્ર ખિસ્સામાં મૂકતો હતો ત્યાં જ શ્વેતા આવી. તેના હાથમાં ચાનો કપ હતો. પત્ર ખિસ્સામાં મૂકતો જોઈ એણે કહ્યું, 'પપ્પાનો લેટર આવ્યો લાગે છે.'

'હા, પ્રતાપુરથી પિતાજીનો કાગળ છે અને ધરમપુરથી મારો એક ખાસ મિત્ર હર્ષદ, એની ટપાલ પણ છે.'

'ધરમપુર? બહુ દૂર.' 'હા, અમને બન્નેને નિમણૂકના ઓર્ડર એકસાથે જ મળ્યા. તેને ધરમપુર મૂક્યો અને મને અહીં.'

'લ્યો ચા.' 'હા'..

''નાસ્તો લેતી આવું?' એ ઊભી થઈ. 'નહીં, હું નાસ્તો કરીને જ આવ્યો છું. રૂપાએ ચા અને રોટલા બનાવેલા.' 'રૂપા?'' શ્વેતાના ચહેરા પર ફેરફાર થયો, 'એ વળી કોણ?' 'મારા મકાનમાલિકની દીકરી.'' 'વેલ, મારે જોવી પડશે.' 'તો આવોને એક દિવસ, બેસવા. મજા આવશે.' 'આજે જ આવવું પડશે.'

'મોસ્ટ વેલકમ.' આનંદે ચાનો ઘૂંટડો ભર્યો. ચા પીતાં આનંદને શ્વેતા તાકી રહી. આનંદનો સુદૃઢ બાંધો, વાંકડિયા વાળ, પડછંદ સીનો, ગોરો વાન. આનંદના વ્યક્તિત્વથી તે આકર્ષાઈ ગઈ. (ક્રમશઃ) ■

# "ખોટું નહીં લગાડું બસ..., સાચેસાચું કહે..."



## રાખનાં રમકડાં

ધારાવાહી નવલકથા

અમૃત પરમાર

"આંખો ટાંકીને મને શું જોઈ રહ્યો છે ? કેમ... હું સરસ નથી દેખાતી ? તું તો મારી આવવાની રાહ જ જોઈ રહ્યો હતો ને ? સારૂં, હવે થોડીવાર ખમી જા, પહેલાં તો તારા માટે હું ચા લઈ આવું.... પછી નિરાંતે આપણે બેઉં બજારમાં જઈશું..." આવું અને આટલું બોલી ભાભી તો પાછા ચાલ્યા ગયા અને ચાલ્યા જતાં ભાભીની ખુલ્લી પીઠ પર મહેશની નજર એકધારી મંડાઈ રહી.

થોડીવારમાં તો ભાભી પાછા આવ્યા, સાથે ચા અને નાસ્તો પણ લેતા આવ્યા. મહેશે મનમાં હસતાં હસતાં નાસ્તો પણ કર્યો અને ચા પીધી. આટલું કામ પુરૂં થયું કે તરત જ શાંતુ બોલી : "હવે આપણે જવું છે ને...?"

"હા.... ભાભી, ચાલો જઈએ..." મહેશ ઉભો થતાં બોલ્યો.

"રૂપિયા તો સાથે લીધા છે ને...?"

" એ તો લેવા જ પડે ને..."

"સારૂં.... ચાલ, આપણાં ઘરેથી માનસી ગિફ્ટ કોર્નર બહુ દૂર નથી, બસ દસ મિનિટમાં તો ચાલતા ત્યાં પહોંચી જઈશું.

મહેશ અને શાંતુ ચાલતા થયા. શાંતુ આગળ ચાલી એટલે રસ્તામાં જ તેણે મહેશને પૂછયું : " તું તારા ઘરે નથી જવાનો ? "

"ઘરે તો જવાનો છું, ભાભી... આ શનિ-રવિમાં હું વિસાવદર જઈશ મમ્મી-પપ્પાને મળીશ. મારા પગારના રૂપિયા તેમના ચરણોમાં અર્પણ કરીશ."

"આ જ સાચું છે, ખૂબ સારૂં કહેવાય, મમ્મી-પપ્પાને તો જિંદગીર ભુલાય જ નહીં, એ તો ઠીક પરંતુ તને મારા માટે ભેટ આપવાનો વિચાર કેમ આવ્યો ? શા માટે તું મને ભેટ - ગિફ્ટ આપવા માંગે છે..?"

"ભાભી..., તમે જરાપણ ખોટું ન લગાડતા, હું તમને સાચું કહું ?"

"ખોટું નહીં લગાડું બસ..., સાચેસાચું કહે..."

"તમે મને ખૂબ ખૂબ ગમો છો. આપણને ગમતી એવી વ્યકિતને ભેટ તો શું... પણ એ જે માંગે તે આપવાનો આનંદ તો કંઈક અલગ પ્રકારનો જ હોય છે. વળી મારી તો આ પહેલી કમાણી છે એટલે સૌ પ્રથમ તમને હું ભેટ કે ગિફ્ટ ન આપું તો બીજા કોને આપું...?" "હું તને ગમું છું... ? ચાલ એ સાચું, પરંતુ તેં મને કયારેય પૂછયું છે કે ભાભી.... હું તમને ગમું છું કે નહીં..? "

" એવું કંઈ છોકરાની જાતે પૂછવાનું હોય ? "

"કેમ..? કેમ ન પૂછાય....?"

" ન પૂછાય, કારણ કે મને તો પહેલેથી જ ખબર છે કે... તમને તો હું ખૂબ ખૂબ પસંદ છું જ..."

"સાલા..., આવી પણ તને ખબર છે ? ખૂબ ચાલાક છે તું, ચાલ, હવે આપણે ઘરે જઈએ. પછી તને કહીશ કે ...તું મને...."

આમ આવી વાતો ચાલતી હતી ત્યાં તો માનસી ગિફ્ટ કોર્નરનો મુખ્ય દરવાજો સામે આવ્યો. જબરદસ્ત સ્ટોરમાં શાંતુ અને મહેશ દાખલ થયા. એ સાથે જરા ઉતાવળે મહેશ બોલ્યો : "ભાભી..., હવે તો કહો કે તમારે શું લેવું છે ...?"

"તું બહુ ઉતાવળો છે. બસ... મારે તો એક સારૂં એવું પર્સ જ લેવું છે. પર્સ એટલા માટે લેવું છે કે, તારૂં આપેલું પર્સ હંમેશા મારી સાથે ને સાથે જ રહે. ને પર્સને જોતાં જ તારો ચહેરો યાદ આવે..."

"સારૂં....સારૂં...., ચાલો... તમારી પસંદગીનું પર્સ લઈ લો. પણ હા, એ તો કહો દામલ સર માટે...?"

"તેના માટે તો હું કાંડા ઘડિયાળ લઈશ. કારણ કે તે સમયનો ખૂબ એક્કો છે. આમેય તેને ઘડિયાળ ખૂબ જ ગમે પણ છે એટલે સારી એવી ઘડિયાળ તેના માટે હું લઈશ..."

ગિફ્ટ કોર્નરમાંથી પર્સ અને કાંડા ઘડિયાળની ખરીદી થઈ. બંન્ને વસ્તુનું અલગ અલગ પેકિંગ થયું. બિલના બધા રૂપિયા મહેશે રોકડા ચૂકવી દીધા. પછી ત્યાંથી બન્ને બહાર નીકળ્યા. થોડું ચાલ્યા પછી શાંતુએ મહેશને કહ્યું : "આ બન્ને વસ્તુ તે ખરીદી છે તે ગિફ્ટ કે પ્રેઝન્ટમાં આપવાની કિંમતી વસ્તુ છે તેં તારી ઈચ્છા પ્રમાણે રૂપિયા આપી ખરીદેલ છે. આ ખરીદી કરવામાં હું તારી સાથે હતી તેવું દામલને કહેવાની જરૂર નથી, સમજયોને ? બસ આટલું તું યાદ રાખજે..."

"હા ભાભી, હું સમજી ગયો.." મહેશે આગળ કહ્યું : "આ તમારી વાત અગત્યની અને સાચી છે. હું તો એમ જ કહીશ કે, મારા પહેલાં પગારમાંથી તમારા બન્ને માટે યાદગીરી રૂપે... મારા તરફથી." (ક્રમશઃ) ■

.આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

# અમેરિકામાં ભારતીય મૂળના વ્યક્તિએ પત્ની સહિત ચાર લોકોની હત્યા કરતા ખળભળાટ

જોર્જિયા,તા.૨૪

અમેરિકાના જોર્જિયા રાજ્યમાં એક પારિવારિક વિવાદમાં થયેલી ગોળીબારીમાં એક ભારતીય મૂળની મહિલાનું મોત થયું છે. આ ઘટના સવારો લોરેન્સિવિલ શહેરમાં થઈ. જ્યાં એક ઘરની અંદર ચાર લોકોને ગોળી મારવામાં આવી હતી. ઘટના સમયે ત્રણ બાળકો પણ હાજર હતા, જે પોતાનો જીવ બચાવવામાં સફળ રહ્યાં છે. એટલાન્ટા સ્થિત ભારતીય વાણિજ્ય દૂતાવાસે આ ઘટના પર દુખ વ્યક્ત કર્યું છે. દૂતાવાસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ જણાવ્યું કે આ ઘટના કથિત રીતે પારિવારિક વિવાદ સાથે જોડાયેલી છે અને તેમાં ચાર લોકોને ગોળી મારવામાં આવી હતી. દૂતાવાસે કહ્યું કે આરોપીની ધરપકડ કરી લેવામાં આવી છે અને પીડિત પરિવારને દરેક સંભવ મદદ કરવામાં આવી રહી છે. પોલીસે આરોપીની ઓળખ એટલાન્ટા નિવાસી ૫૧ વર્ષીય વિજય કુમારના રૂપમાં કરી છે. પોલીસ અનુસાર




મૃતકોમાં વિજય કુમારની પત્ની મીમૂ ડોગરા (૪૩), ગૌરવ કુમાર (૩૩), નિધિ ચંદર (૩૭) અને હરિશ ચંદર (૩૮) સામેલ છે. વિજય કુમાર પર ચાર લોકોની હત્યા, ગંભીર હુમલો અને બાળકો પ્રત્યે ક્રૂરતા સહિત ઘણી ગંભીર કલમો હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો છે. આ દુઃખદાયક ઘટના દરમિયાન ઘરમાં હાજર ત્રણ બાળકો ખુદને બચાવવામાં સફળ રહ્યાં. પોલીસ અનુસાર ગોળીબારી શરૂ થતાં બાળકો એક માળિયામાં છુપાઈ ગયા. તેમાંથી એક બાળકે હિંમત દાખવી ૯૧૧ પર કોલ કરી પોલીસને ઘટનાની જાણકારી આપી હતી.

# દિલ્હી સહિત ઉત્તર ભારતમાં હાડ થીજાવતી ઠંડી, હિમવર્ષા સાથે જોરદાર પવન ફૂંકાયો

નવીદિલ્હી,તા.૨૪

દિલ્હીમાં હવામાન અચાનક બદલાયું છે, અને શુક્રવારે સવારે દિલ્હીમાં ભારે પવન સાથે વરસાદ શરૂ થયો, અને દિવસભર ઝરમર વરસાદ ચાલુ રહ્યો. શુક્રવારથી વરસાદ અને ઠંડા પવનોએ દિલ્હીમાં ઠંડીમાં વધારો કર્યો છે, જ્યાં ૨૨ જાન્યુઆરી સુધી હવામાન સામાન્ય હતું. હવે, ફરી એકવાર હવામાન બદલાયું છે, ઠંડીમાં વધારો થયો છે. આ સાથે, તાપમાનમાં પણ ઘટાડો થયો છે. ૨૪ જાન્યુઆરીએ દિલ્હીનું મહત્તમ તાપમાન ૧૬ ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન ૧૪ ડિગ્રી સેલ્સિયસ હતું. આજે, મહત્તમ તાપમાન ૧૭ ડિગ્રી



સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન ૭ ડિગ્રી સેલ્સિયસ રહેવાની ધારણા છે. વધુમાં, હવામાન વિભાગે દિલ્હીમાં આગામી બે દિવસ માટે શીત લહેરની ચેતવણી જારી કરી છે. ૨૭ જાન્યુઆરીએ દિલ્હીમાં ફરી વરસાદ પડી શકે છે. પહાડી રાજ્યોની વાત કરીએ તો, ૨૫ જાન્યુઆરીએ જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડના ઘણા વિસ્તારોમાં વરસાદ અને હિમવર્ષા થવાની સંભાવના છે. આ સમયગાળા દરમિયાન ૪૦ થી ૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે જોરદાર પવન ફૂંકાઈ શકે છે. ૨૪ અને ૨૫ જાન્યુઆરીએ આ વિસ્તારોમાં હિમવર્ષા પણ જોવા મળશે. ૨૫ જાન્યુઆરીએ પંજાબ, હરિયાણા, ચંદીગઢ, ઉત્તર રાજસ્થાન અને ઉત્તર પ્રદેશના ઉત્તરીય ભાગોમાં હળવોથી મધ્યમ વરસાદ થવાની સંભાવના છે.

# અમિત ખૂંટ આપઘાત કેસમાં અનિરુદ્ધસિંહના પુત્ર રાજદીપસિંહ જાડેજાના જામીન મંજૂર

રાજકોટ,તા.૨૪

ચકચારી અમિત ખૂંટના આપઘાત કેસને લઈને એક મોટા સમાચાર સામે આવ્યા છે. આ કેસમાં અનિરુદ્ધસિંહના પુત્ર રાજદીપસિંહ જાડેજાના જામીન મંજૂર કરવામાં આવ્યા છે. સેશન્સ કોર્ટ દ્વારા અમિત ખૂંટ આપઘાત કેસને લઈને જામીન મંજૂર કરવામાં આવ્યા છે. ટૂંક સમયમાં હવે રાજદીપસિંહ જેલમાંથી મુક્ત થશે. છેલ્લા કેટલાય સમયથી આ કેસને લઈને ચકચાર મચી જવા પામી છે. ત્યારે વધુમાં આ કેસમાં રાજદીપસિંહને જામીન પણ મળી ગયા છે. જે મુદ્દો એક ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. આપઘાત કેસને લઈને ધરપકડથી બચવા માટે રાજદીપસિંહ ૬ મહિના સુધી ભૂગર્ભમાં ઉતરી ગયા હતા. આ દરમિયાન તેમણે હાઈકોર્ટથી લઈને સુપ્રીમ કોર્ટ સુધી જામીન મેળવવાના પ્રયાસ કર્યા હતા. જોકે, ત્યાંથી પણ તેમને રાહત ન મળતા તેઓ આખરે પોલીસ સમક્ષ હાજર થયા હતા. જેને લઈને આ મુદ્દો ચર્ચાનું કેન્દ્ર બન્યો હતો. ગત ૧૦ નવેમ્બર ૨૦૨૦ના રોજ રાજદીપસિંહ જાડેજાએ ગોંડલ તાલુકા પોલીસ સમક્ષ હાજર થયા હતા.

# ઈન્ડોનેશિયાના જાવા ટાપુ પર ભયાનક ભૂસ્ખલન થતા ૨૧ લોકોના મોત, ૮૦થી વધુ લોકો ગુમ

જકાર્તા,તા.૨૪

ઈન્ડોનેશિયાના જાવા ટાપુ પર એક વિશાળ ભૂસ્ખલન થયું છે, જેમાં અત્યાર સુધીમાં ૨૧ લોકોના મોત થયા છે જ્યારે ૮૦ થી વધુ લોકો ગુમ થયાની આશંકા છે. બુધવારે શોધ કામગીરી ફરી શરૂ કર્યા પછી બચાવ કાર્યકરોએ વધુ ચાર મૃતદેહો બહાર કાઢ્યા છે, જેના કારણે જાવા ટાપુ પર પૂર અને ભૂસ્ખલનથી મૃત્યુઆંક ૨૧ થયો છે. મુશળધાર



વરસાદ બાદ, મધ્ય જાવા પ્રાંતના પેકાલોંગન રીજન્સીમાં નવ ગામોમાં નદીઓ વહેતી થઈ, જ્યારે પર્વતીય ગામોમાં ભૂસ્ખલન થયું. નેશનલ સર્ચ એન્ડ રેસ્ક્યુ એજન્સી દ્વારા બહાર પાડવામાં આવેલા વીડિયો અને ફોટામાં કામદારો એવા ગામોમાં ખોદકામ કરી રહ્યા હોવાનું દર્શાવવામાં આવ્યું છે જ્યાં રસ્તાઓ અને લીલાછમ ટેરેસવાળા ખેતરો ઘેરા ભૂરા કાદવમાં ફેરવાઈ ગયા હતા. ગામો જાડા કાદવ, ખડકો અને ઉખડી ગયેલા વૃક્ષોથી ઢંકાઈ ગયા હતા. નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીના પ્રવક્તા અબ્દુલ મુહારીએ જણાવ્યું હતું કે પૂરને કારણે પેટુંગક્રિઓનો રિસોર્ટ વિસ્તારમાં ભૂસ્ખલન થયું હતું, જેમાં બે ઘરો અને એક કાફે દટાઈ ગયા હતા.

# અભિનેતા સુનિલ શેટ્ટીએ તમાકુની જાહેરાતની ૪૦ કરોડની ઓફર ઠુકરાવી

મુંબઈ,તા.૨૪

ઘણા બોલિવૂડ સ્ટાર્સ જે તમાકુ અને આલ્કોહોલ બ્રાન્ડ્સને સમર્થન આપે છે તેઓ ઘણીવાર વિવાદનો સામનો કરે છે. જ્યારે આવા સમર્થનથી નોંધપાત્ર રૂપિયા મળે છે, ત્યારે અભિનેતાઓ ઘણીવાર સોશિયલ મીડિયા પર ટ્રોલિંગનો સામનો કરે છે, જ્યાં ઘણા લોકો જાહેર વ્યક્તિઓની જવાબદારી પર પ્રશ્ન ઉઠાવે છે, ખાસ કરીને જનતા પર તેમના પ્રભાવને કારણે. જોકે, બોલીવુડ અભિનેતા સુનિલ શેટ્ટીએ તમાકુની ૪૦ કરોડની જાહેરાતને પ્રોત્સાહન આપવાનો ઈનકાર કરવા અંગે ખુલ્લેઆમ વાત કરી છે, અને કહ્યું છે કે તેઓ એવી કોઈ પણ વસ્તુને સમર્થન આપવા માંગતા નથી જેમાં તેઓ માનતા નથી. પીપિંગ મૂન સાથેના પોડકાસ્ટમાં, સુનિલ શેટ્ટીએ ખુલાસો કર્યો કે શા માટે તેમણે ભારે ઓફર મેળવ્યા છતાં ક્યારેય તમાકુ બ્રાન્ડ્સને સમર્થન આપ્યું નહીં.

# પાલનપુર-ડીસા હાઈવે પર સાંસદ ગેનીબેન ઠાકોરની કારની સાથે ટક્કર થતા યુવાન ઘાયલ

પાલનપુર,તા.૨૪

ગેનીબેન ઠાકોરને લઈ એક મોટી અપડેટ સામે આવી છે. વાસ્તવમાં બનાસકાંઠા જિલ્લાના પાલનપુર–ડીસા હાઈવે પર આવેલા કુશકલ પાટીયા નજીક એક કાર અકસ્માત થયો હોવાનો બનાવ સામે આવ્યો છે. પરિવારના જણાવ્યા મુજબ આ અકસ્માતમાં એક યુવકને કાર દ્વારા ટક્કર મારવામાં આવી હતી, જેના કારણે યુવકને ઈજા પહોંચી



છે. જોકે અહી મોટો આરોપ એ છે કે, જે કાર દ્વારા અકસ્માત થયો તે સાંસદ ગેનીબેન ઠાકોરની અને ઘટના સમયે ગેનીબેન ઠાકોર કારમાં હાજર હોવાના આક્ષેપ થતાં હડકંપ મચી ગયો છે. બનાસકાંઠા જિલ્લાના પાલનપુર–ડીસા હાઈવે પર આવેલા કુશકલ પાટીયા નજીક ગઈકાલે એક અકસ્માત થયો હતો. આ મામલે હવે ઈજાગ્રસ્તના પરિવારજનોએ મોટો આક્ષેપ કર્યો છે. પરિવારનો દાવો છે કે અકસ્માતમાં સંડોવાયેલી કાર સાંસદ ગેનીબેન ઠાકોરની હતી અને અકસ્માત સમયે કારમાં ગેનીબેન ઠાકોર સહિત અન્ય લોકો પણ હાજર હતા. તેમનો આક્ષેપ છે કે, અકસ્માત બાદ કાર ત્યાં અટકાવવામાં આવી નહોતી અને ઘટનાસ્થળેથી આગળ વધારી દેવામાં આવી હતી.

# ધો.૧૦-૧૨ની પરીક્ષામાં સીસીટીવી અને ફાયર સેફ્ટી માટે દિશા-નિર્દેશ જાહેર કરતું રાજ્ય શિક્ષણ બોર્ડ

અમદાવાદ,તા.૨૪

ગુજરાત રાજ્યમાં આગામી તા. ૨૬ ફેબ્રુઆરીથી ૧૮ માર્ચ દરમિયાન યોજાનારી ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની બોર્ડ પરીક્ષાઓને લઈને શિક્ષણ વિભાગે વ્યાપક તૈયારીઓ શરૂ કરી દીધી છે. પરીક્ષા દરમિયાન કોઈ પણ પ્રકારની ગેરરીતિ અટકાવવા તેમજ વિદ્યાર્થીઓની સલામતી સુનિશ્ચિત કરવા માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા સીસીટીવી દેખરેખ અને ફાયર સેફ્ટી સંબંધિત કડક દિશા-નિર્દેશો જાહેર કરવામાં આવ્યા છે. શિક્ષણ બોર્ડના



આદેશ મુજબ રાજ્યના તમામ પરીક્ષા કેન્દ્રોમાં સીસીટીવી કેમેરા ફરજિયાત રીતે કાર્યરત હાલતમાં હોવા જોઈએ. પરીક્ષા શરૂ થવાના ૧૫ મિનિટ પહેલાંથી લઈને પરીક્ષા પૂર્ણ થયા બાદના ૧૫ મિનિટ સુધી સતત રેકોર્ડિંગ રાખવાનું રહેશે. દરેક પરીક્ષા બ્લોકમાં સીસીટીવી કેમેરા એવી રીતે ગોઠવવામાં આવશે કે બ્લોક નંબર અને સમય દર્શાવતી ઘડિયાળ સ્પષ્ટ રીતે ફૂટેજમાં દેખાય. બોર્ડ દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે પરીક્ષા પૂર્ણ થયા બાદ સીસીટીવી ફૂટેજની બે નકલ તૈયાર કરવાની રહેશે. જેમાંથી એક નકલ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડને અને બીજી નકલ જિલ્લા શિક્ષણાધિકારીને મોકલવી ફરજિયાત રહેશે.

# ધોરાજીમાં સ્વ. મનોજભાઈ પારેખની સ્મૃતિમાં વ્યાખ્યાનમાળા યોજાઈ

ધોરાજી,તા.૨૪

ધોરાજીના સંઘ પરિવારના મોભી અને અનેક સંસ્થાઓના સ્થાપક સ્વ. મનોજભાઈ પારેખની પુણ્ય સ્મૃતિમાં તેમના પરિવાર દ્વારા આયોજિત વ્યાખ્યાનમાળાનો છઠ્ઠો મણકો આદર્શ એજ્યુકેશન સોસાયટી ખાતે યોજાયો હતો. આ પ્રસંગે મુખ્ય વક્તા તરીકે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રચારક અને




ન્યુક્લિયર કેમેસ્ટ્રીમાં ડોક્ટરેટ કરનાર ડૉ. મનમોહન વૈદ્ય ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. મનમોહન વૈદ્ય, જેમણે ૧૪ દેશોમાં સંઘનું કાર્ય કર્યું છે, તેમણે પોતાના ઉદ્‌બોધનમાં ભારતીય સંસ્કૃતિના 'વસુધૈવ કુટુંબકમ' અને સેવાના સંસ્કારો પર ભાર મૂક્યો હતો.

# જસદણ-વિંછીયા પંથકમાં ૫ વર્ષની બાળકી સાથે અડપલાં કરનાર સ્કૂલવાન ચાલક ઝડપાયો

જસદણ,તા.૨૪

જસદણમાં હજુ હમણાં જ દુષ્કર્મના આરોપીને ફાંસીની સજા મળી છે, ત્યાં ફરી એકવાર માસૂમ બાળકી સાથેના શારીરિક અડપલાંની ઘટનાએ પંથકને હચમચાવી દીધું છે. વિંછીયા પંથકના એક ગામમાં ૫ વર્ષની બાળકી પર તેની જ સુરક્ષા માટે રાખવામાં આવેલી સ્કૂલવાનના ૫૦ વર્ષીય ચાલકે દાનત બગાડી હતી. બાળકીએ શાળાએ જવાનો ઈનકાર કરતા અને રડવા લાગતા સમગ્ર મામલો સામે આવ્યો હતો. વાલીઓની પૂછપરછમાં માસૂમે જણાવ્યું કે ચાલક કાળુભાઈ ચાંવ (ઉ.વ. ૫૦) છેલ્લા થોડા દિવસોથી તેની સાથે અડપલાં કરતો હતો. પરિવારે તુરંત વિંછીયા પોલીસનો સંપર્ક સાધ્યો હતો. બનાવની ગંભીરતા જોઈ પી.આઈ. એ.સી. ડામોર અને ટીમે પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધી ગણતરીના કલાકોમાં જ આરોપી કાળુભાઈને ઝડપી પાડી જેલહવાલે કર્યો છે.

# તળાજાના કવિ હરદ્વાર ગોસ્વામીનું દિલ્હીમાં રાષ્ટ્રીય સન્માન

તળાજા,તા.૨૪

તળાજાના જાણીતા કવિ હરદ્વાર ગોસ્વામીને તાજેતરમાં દિલ્હીના રંગભવન ખાતે ભારત સરકારના પ્રસારભારતીના સ્થાપના દિને રાષ્ટ્રીય સન્માન પ્રાપ્ત થયું છે. દિલ્હી સાહિત્ય અકાદમીના અધ્યક્ષ માધવ કૌશિકના હસ્તે તેમને ગુજરાતી કવિ તરીકે સન્માનિત કરવામાં આવ્યા હતા. આકાશવાણીના વિશ્વના સૌથી મોટા સર્વ ભાષા કવિ સંમેલનમાં તેમણે ગુજરાતી




ભાષાનું પ્રતિનિધિત્વ કર્યું હતું, જેમાં ભારતની દરેક ભાષામાંથી એક-એક કવિની પસંદગી કરવામાં આવી હતી. આ કવિ સંમેલન ૨૨ ભાષાઓમાં યોજાય છે, જેમાં હરદ્વાર ગોસ્વામીની મૂળ ગુજરાતી કવિતાના પઠન બાદ તેનો ૨૨ ભાષામાં અનુવાદ રજૂ થશે. આ કાર્યક્રમ ગણતંત્ર દિનની પૂર્વ સંધ્યાએ એટલે કે ૨૫ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ રાત્રે ૧૦ કલાકે રાષ્ટ્રપતિના ઉદ્‌બોધન સાથે ભારતભરના ૪૨૧ રેડિયો સ્ટેશન પરથી પ્રસારિત થશે. આ કાર્યક્રમનું સંકલન આકાશવાણીના હિતેશ માવાણી અને શૈલેશ પંડ્યાએ કર્યું હતું, જ્યારે ત્રિલોક સંઘાણીએ શુભકામના પાઠવી હતી.

# સોમનાથ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે નવી શિક્ષણ નીતિ-૨૦૨૦ અંતર્ગત સેમિનાર યોજાયો : ડૉ. સુરેશ મકવાણાએ વક્તવ્ય આપ્યું

સોમનાથ,તા.૨૪

સોમનાથ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે નવી શિક્ષણ નીતિ-૨૦૨૦ ને અનુલક્ષીને એક વિશેષ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ભોપાલથી પધારેલા **Associate Professor** અને **H.O.D., DESSH RTE-NCTE** ડૉ. સુરેશભાઈ મકવાણા ઉપસ્થિત રહ્યા હતા.

આ સેમિનારમાં સોમનાથ




તસવીર : ધર્મેશ પાઠક

બી.એડ્. કોલેજ તેમજ સોમનાથ ડી.એલ.એડ્. (પી.ટી.સી) કોલેજના તાલીમાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. ડૉ. મકવાણાએ તાલીમાર્થીઓને કેળવણીની તાલીમ અને શિક્ષણનું મહત્વ સમજાવ્યું હતું. સાથે જ ભારતીય સંસ્કૃતિ, કલા, સાહિત્ય અને આધુનિક ટેકનોલોજી અંગે જાણકારી આપી હતી.

તેમણે નવી શિક્ષણ નીતિ-૨૦૨૦ અંતર્ગત કેળવણી દ્વારા બાળકનું ઘડતર કેવી રીતે કરવું તે અંગે વિગતવાર માહિતી આપી તાલીમાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રસંગે **H.O.D.** રણજીતભાઈ દાહીમા, સનીભાઈ સોલંકી, કુશાલભાઈ સોલંકી અને બી.એડ્. કોલેજના પ્રિન્સિપાલ કલ્પનાબેન ડોડીયા સહિતના સ્ટાફગણે ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત કર્યું હતું.

# ધોરાજીમાં ગુજ્જર ક્ષત્રીય કડિયા સમાજ દ્વારા શામજીબાપુની પુણ્યતિથિએ મહોત્સવ ઉજવાશે

ધોરાજી,તા.૨૪

ધોરાજીમાં ગુજ્જર ક્ષત્રીય કડિયા સેવા સમાજ (શ્યામવાડી) તેમજ અને કેળવણી મંડળ શ્યામવાડીના સંયુક્ત ઉપક્રમે સતાધારના મહંત સંત શિરોમણી શામજીબાપુની ૪૩મી પુણ્યતિથિ મહોત્સવ ૨૭ જાન્યુઆરી-મંગળવારે ભવ્ય રીતે ઉજવાશે. આ અંગે સમાજના પ્રમુખ રાજેન્દ્રભાઈ યાદવ, મંત્રી લલીતભાઈ મકવાણા, કડિયા કેળવણી મંડળના પ્રમુખ કિશોરભાઈ વાઢેર, ઉપપ્રમુખ વિજયભાઈ મારુ, ધર્મેશભાઈ ગોહેલ મંત્રી વગેરેએ



યાદીમાં જણાવેલ કે, શ્યામવાડી ખાતે સવારે ૯:૦૦ કલાકે દીપ પ્રાગટ્ય, મહાપૂજા સાથે શામજીબાપુની પુણ્યતિથિ મહોત્સવનો પ્રારંભ કરાશે. આ સાથે સમાજના મહાનુભાવોના પ્રાસંગિક પ્રવચન બાદ મહોત્સવના ભાગ્યશાળી દાતાઓનું પણ સમાજ દ્વારા સન્માન કરાશે. ધોરાજી કડિયા જ્ઞાતિ પરિવારમાંથી જેણે સમાજમાં શ્રેષ્ઠ કામગીરી કરેલ છે તેઓનું પણ શ્યામવાડી દ્વારા સન્માન કરાશે. સમાજલક્ષી વિવિધ કાર્યક્રમો યોજાશે.

**મહંત સંત શિરોમણી શામજીબાપુની ૪૩મી પુણ્યતિથિ મહોત્સવ ૨૭ જાન્યુઆરી-મંગળવારે ભવ્ય રીતે ઉજવાશે**

# અમીરગઢ નેશનલ હાઈ-વે પર ટ્રક-કાર વચ્ચે અકસ્માત : ૬ લોકોના મોત

અમીરગઢ,તા.૨૪




બનાસકાંઠા જિલ્લાના અમીરગઢના ઈકબાલગઢ નેશનલ હાઈવે પર ભયંકર અકસ્માત સર્જાયો હતો. પૂરપાટ ઝડપે અને રોંગ સાઈડમાં આવતા એક ટ્રકે કારને જોરદાર ટક્કર મારતા કારમાં સવાર ૫ લોકોના ઘટનાસ્થળે જ કરુણ મોત નિપજ્યા છે. જ્યારે અન્ય ૩ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે. મળતી માહિતી અનુસાર, અમીરગઢના ઈકબાલગઢ હાઈવે પરથી પસાર થઈ રહેલી કારને સામેથી રોંગ સાઈડ ધસમસતા આવતા ટ્રકે અડફેટે લીધી હતી. આ અકસ્માત એટલો ભયંકર હતો કે, કારનો કચ્ચરઘાણ વળી ગયો હતો. કારમાં સવાર પાંચ લોકોએ સ્થળ પર જ દમ તોડી દીધો હતો. જોરદાર અવાજ સાંભળી આસપાસના લોકો અને વાહનચાલકો દોડી આવ્યા હતા અને પોલીસ તેમજ ૧૦૮ને જાણ કરી હતી. આ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા અન્ય ૩ વ્યક્તિઓને તાત્કાલિક અસરથી નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. આ ઘટનાની જાણ થતા જ અમીરગઢ પોલીસનો કાફલો હાઈવે પર પહોંચી ગયો હતો.

**ગંભીર રીતે ઘવાયેલા ત્રણ લોકોને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા**

# બગદાણાના સેવક પર થયેલા હુમલામાં જયરાજ આહીરની અંતે 'સીટ' દ્વારા ધરપકડ

ભાવનગર,તા.૨૪



નવનીત બાલધિયાને માર મારવાના ચકચારી કેસમાં SITની તપાસ તેજ બની છે, જેમાં શરૂઆતથી જ જેમના પર આક્ષેપ થઈ રહ્યા છે તે જયરાજ આહીરને નિવેદન નોંધાવવા માટે આજે બપોરે ફરી એકવાર રેન્જ આઈજીની કચેરીએ બોલાવવામાં આવતાં જયરાજ હાજર થયો હતો. SIT દ્વારા સતત બે કલાકથી જયરાજ આહીરની પૂછપરછ કરવામાં આવી રહી હતી. જે બાદ જયરાજ આહીરની ધરપકડ કરવામાં આવી છે. SIT દ્વારા આ કેસમાં જયરાજ આહીરની પૂછપરછને પગલે કોઈ અનિચ્છનીય બનાવ ન બને એ માટે આઈજી કચેરી ખાતે ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ તહેનાત કરી દેવામાં આવ્યો હતો. આ કેસની તલસ્પર્શી તપાસ આગળ વધારતા SITએ પુરાવા અને નિવેદનો, આરોપીઓના એકબીજા સાથેના મોબાઈલ સંપર્કો, તેમનાં લોકેશન તથા અન્ય ડિટેલ્સની ઉચ્ચ કક્ષાએ સઘન ચકાસણી કરવામાં આવતાં જયરાજ આહીરની સંડોવણીના પૂરતા પુરાવા પ્રાપ્ત થયા હતા. એને લઈને તેને SIT સમક્ષ અન્ય ખુલાસા અર્થે બોલાવવામાં આવ્યો અને તેની આજની પૂછપરછમાં તે આ હુમલાની ઘટનામાં સંડોવાયેલો હોવાના પૂરતા પુરાવાને ધ્યાને લઈ આજે જયરાજ આહીરની આ ગુનામાં ધરપકડ કરવામાં આવી છે.

# જૂનાગઢમાં વ્હેલ માછલીની રૂ.૧ કરોડની ઉલટી સાથે વૃધ્ધ ઝડપાયા

જૂનાગઢ,તા.૨૪



જિલ્લામાં પ્રથમ વખત એક કરોડ કરતાં વધારેની વ્હેલ માછલીની ઉલટી એટલે કે એમ્બરગ્રીસ જૂનાગઢ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ અને લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમોએ સંયુક્ત ઓપરેશન દરમિયાન પકડી પાડ્યું છે. પોલીસને બાતમી મળી હતી કે એક વ્યક્તિ જૂનાગઢ બીલખા રોડ પર પાદરીયા ગામ પાસે શંકાસ્પદ પ્રવૃત્તિ કરી રહ્યો છે. પોલીસની ટીમે શંકાસ્પદ વ્યક્તિની તપાસ કરતા તેની પાસેથી વ્હેલ માછલીની એક કિલો જેટલી એમ્બરગ્રીસ મળી આવી હતી. જેની આંતરરાષ્ટ્રીય બજાર કિંમત આજના દિવસે ૦૧ કરોડ ૦૨ લાખ ૫૦ હજાર કરતાં વધારેની થતી હતી.

# ગુજરાતના ૧.૭૩ કરોડ મતદારો ક્યાં ગયા? અનેક જીવિત મતદારોને મૃત જાહેર કરાયા : કોંગ્રેસ

ગુજરાત,તા.૨૪



ગુજરાત રાજ્યમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન બાદ ૧૯ જાન્યુઆરીએ બહાર પડેલી ડ્રાફ્ટ મતદાર યાદી બહાર પાડવામાં આવી હતી. જેમાં ૪ કરોડ ૩૪ લાખ મતદારો અંગે મોટા અપડેટ આવ્યા છે. આ મતદારોમાંથી ૪૦ ટકા મતદારોના ડેટા મેચ થયા નથી. એટલે કે, ૧.૭૩ કરોડ મતદારોના ડેટા મેચ થઈ રહ્યા નથી. આ તમામને તંત્રએ નોટિસ આપી છે. જૂની યાદીમાં નામ, ઘર નંબર અને ઉમર ખોટી રીતે લખાયેલાં હોવાથી ખામી આવી છે. તો તાર્કિક ખામીઓ અને મેપિંગ ન થવાને કારણે હવે આ તમામ મતદારોને રુબરુ હાજર રહીને પુરાવા આપવા પડશે. તંત્ર આ બાબતને લોજિકલ ડિસ્ક્રિપન્સી એટલે કે તાર્કિક ખામી અને નો મેપિંગ ગણાવી રહ્યુ છે. જે મુજબ, ૧.૭૩ કરોડ મતદારોની માહિતી અગાઉની ૨૦૦૨ ની યાદી સાથે મેળ ખાતી નથી. આવામાં તમામને બીએલઓ દ્વારા નોટિસ પાઠવીને રુબરુ હાજર રહેવા સૂચના અપાઈ છે.

પૂર્વ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ આજે વડોદરા સર્કિટ હાઉસ ખાતે પ્રેસ કોન્ફરન્સ યોજીને ચૂંટણી પંચ દ્વારા હાથ ધરાયેલી સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન પ્રક્રિયામાં ગંભીર ગેરરીતિ અને મતદારોના અધિકાર છીનવવાના સુનિયોજિત ષડયંત્રનો આરોપ લગાવ્યો હતો.

# રાજ્યમાં વાદળો હટતા ફરી હાડ થીજાવતી ઠંડી પડશે : અંબાલાલ

અમદાવાદ,તા.૨૪

જાન્યુઆરી મહિનો પૂરો થવા આવ્યો એટલે ઠંડી જતી રહેશે એવું ન માનતા કારણ કે, ઠંડીના અત્યાર સુધીના સૌથી મોટા રાઉન્ડની અંબાલાલ પટેલે આગાહી કરી છે. હવામાન નિષ્ણાતે કહ્યું કે, હવે ગુજરાતમાં હાડ થીજવતી ઠંડી પડશે. અંબાલાલ પટેલે કહ્યું કે, હાલ કમોસમી વરસાદને કારણે વાદળછાયું વાતાવરણ સર્જાયું છે. વાદળો હટતા હાડ થીજાવતી ઠંડી પડશે. હજુ પણ બે થી ત્રણ દિવસ રાજ્યમાં ઠંડી પડશે. ઉત્તર ગુજરાતના બનાસકાંઠાના દાંતીવાડા, ડીસા તથા પાલનપુરમાં લઘુત્તમ તાપમાન ૪ ડિગ્રી થશે. પાટણ, સમી હારીજ તથા મહેસાણામાં લઘુત્તમ તાપમાન ૮ ડિગ્રી સુધી નીચું જશે. સાબરકાંઠા અને અરવલ્લીમાં પણ ઠંડી પડશે. ગાંધીનગર તથા અમદાવાદમાં ઠંડીનો ચમકારો રહેશે, મધ્ય ગુજરાતમાં ઠંડીમાં વધારો થશે. કચ્છના ભાગોમાં લઘુત્તમ તાપમાન ૮ ડિગ્રીથી નીચું જશે.

# અમદાવાદની સાબરમતી નદીમાં છલાંગ લગાવી માતા-પુત્રનો આપઘાત

અમદાવાદ,તા.૨૪



અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ વલ્લભ સદન બોટિંગ વિસ્તાર પાસેથી વૃદ્ધ માતા અને દીકરાની લાશ મળી આવી છે. માતા દીકરાએ સાબરમતી નદીમાં છલાંગ લગાવી આપઘાત કર્યો હતો. બનાવની જાણ થતા રિવરફ્રન્ટ પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. પ્રાથમિક તપાસમાં દીકરો માનસિક બીમાર હોવાથી માતા દીકરાએ આપઘાત કર્યો હોવાની શક્યતા છે. બંનેના મૃતદેહ પીએમ માટે મોકલી આપવામાં આવ્યા છે. અમદાવાદ શહેરના મણિનગરમાં રહેતા પ્રવિણાબેન પંડ્યા(ઉ.વ.૭૪)એ તેના દીકરા જગદીશ(ઉ.વ.૪૮) સાથે સાબરમતી નદીમાં ઝંપલાવી આપઘાત કર્યો છે. પ્રવિણાબેન પંડ્યા અને જગદીશ બપોરના સમયે સાબરમતી વોલ્ક-વે પરથી કૂદ્યા હતા. બંને કૂદ્યા બાદ મૃતદેહ નદીમાં તરતા હતા, જેથી સિક્યુરિટી ગાર્ડને દેખાતા ગાર્ડે તાત્કાલિક રિવર રેસ્ક્યુ ટીમ અને પોલીસને જાણ કરી હતી. રિવર રેસ્ક્યુ ટીમ અને પોલીસ સ્થળ પર પહોંચી હતી. બંનેના મૃતદેહ નદીમાં ઉપર દેખાઈ રહ્યા હતા, જેથી ફાયરની રિવર રેસ્ક્યુ ટીમે બંનેના મૃતદેહ બહાર કાઢ્યા હતા. બંને પાસેથી આધાર કાર્ડ અને અન્ય પુરાવા મળી આવ્યા છે, જેને કારણે પરિવારનો સંપર્ક કરવામાં આવ્યો હતો.

# અમદાવાદમાં આપઘાત કરનાર યશરાજસિંહ ગોહિલ સામે હત્યાનો ગુનો દાખલ

અમદાવાદ,તા.૨૪



કોંગ્રેસ સાંસદ શક્તિસિંહ ગોહિલના ભત્રીજા યશરાજસિંહ અને તેનાં પત્નીના અકસ્માતે મોતના બનાવમાં અંતે યશરાજસિંહ સામે હત્યાનો ગુનો નોંધવામાં આવ્યો છે. ફોરેન્સિક પીએમ અને બનાવની પ્રાથમિક તપાસ બાદ રમત-રમતમાં રિવોલ્વરમાંથી ફાયર થવાની શક્યતા ન હોઈ, યશરાજસિંહે જ કોઈ અગમ્ય કારણસર પત્ની પર ફાયરિંગ કરી હત્યા નિપજાવ્યાનો અને બાદમાં પોતે પણ આત્મહત્યા કરી લીધી હોવાનો ગુનો નોંધવામાં આવ્યો છે. આ કેસમાં શરૂઆતમાં પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી

**યશરાજસિંહે જ પત્નીની ગોળી મારી હત્યા કરી હોવાનો તપાસમાં ઘટસ્ફોટ**

તપાસ શરૂ કરી હતી. મોતનું ચોક્કસ કારણ જાણવા માટે પીએમ રિપોર્ટ તપાસવામાં આવ્યો હતો ત્યારે મોતનું કારણ માથામાં વાગેલી ગોળીના કારણે શોક અને હેમરેજ થયું હોવાનું સામે આવ્યું હતું.

# ભાવનગરમાં પોલીસકર્મીએ આપઘાત નથી કર્યો, હત્યા થઈ છે : પરિવારનો આક્ષેપ

ભાવનગર,તા.૨૪






ભાવનગર જિલ્લાના ઘોઘા પોલીસ મથકે હેડ કોન્સ્ટેબલની આત્મહત્યા મામલે પરિવારે ગંભીર આક્ષેપ કરતા ખળભળાટ મચી ગયો છે. 'પોલીસ અધિકારીએ મારા ભાઈનો જીવ લીધો, મારા ભાઈએ આત્મહત્યા નથી કરી તેની હત્યા કરવામાં આવી છે' તેવા આક્ષેપ કરાયા છે. મૃતકની બહેન, પિતા અને મોટા ભાઈએ પોલીસ વિભાગની કાર્યરીતિ પર ગંભીર સવાલ ઉઠાવ્યા છે. આમ, કોન્સ્ટેબલના પરિવારના લોકોની બસ એક જ માંગ છે, અમને ન્યાય મળવો જોઈએ, અને સંબંધિત અધિકારી સામે ફરિયાદ નોંધાવી જોઈએ, તેમણે વધુમાં જણાવ્યું હતું કે, પોલીસ વિભાગ દ્વારા મારા ભાઈની કાર, મોબાઈલ સહિતની કબજે કરેલી વસ્તુઓ પણ હજુ અમને સોંપવામાં નથી આવી, જેમાં રહેલા પુરાવા નષ્ટ કરવામાં આવશે એવી ભીતિ વ્યક્ત કરી હતી.

# નવી મતદાર યાદીમાંથી ગુજરાતના જાણીતા હાસ્ય કલાકાર પદ્મશ્રી શાહબુદીન રાઠોડનું નામ કપાયું!

સુરેન્દ્રનગર,તા.૨૪



સુરેન્દ્રનગર જિલ્લામાં મતદાર યાદી સુધારણાની કામગીરી વિવાદોના વમળમાં ફસાઈ છે. ચોટીલાના પૂર્વ ધારાસભ્ય ઋત્વિક મકવાણાએ ભાજપ પર ગંભીર આક્ષેપ કર્યો છે કે, જાણીતા હાસ્ય કલાકાર પદ્મશ્રી શાહબુદીન રાઠોડનું નામ મતદાર યાદીમાંથી કાઢી નાખવા માટે ખોટું ફોર્મ ભરવામાં આવ્યું છે. સુરેન્દ્રનગર જિલ્લામાં હાલ એસઆઈઆર એટલે કે મતદાર યાદીની ડ્રાફ્ટ યાદી પ્રસિદ્ધ થયા બાદ વાંધા અરજીઓ મંગાવવાની પ્રક્રિયા ચાલી રહી છે. આ દરમિયાન ચોટીલાના પૂર્વ ધારાસભ્ય ઋત્વિક મકવાણાએ એક મોટો ધડાકો કર્યો છે. મકવાણાનો આક્ષેપ છે કે ભાજપ દ્વારા લઘુમતી વર્ગ અને પ્રતિષ્ઠિત લોકોના નામ મતદાર યાદીમાંથી કમી કરવા માટે 'ફોર્મ નંબર ૭' નો દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે. જેમાં થાનગઢના ગૌરવ સમાન પદ્મશ્રી શાહબુદીન રાઠોડનું નામ પણ બાકાત રાખવા અરજી કરવામાં આવી છે.







